Chapter- 4



# પ્રકરણ - ૪

# કાલ (સમય) ની

## સાથે-સાથે

# 'તાલ'

## તથા

# તાલના

# દશ પ્રાણ

# 'કાલ'(સમય) ની સાથે-સાથે 'તાલ'

वाद्यं तु यद्घनं प्रोक्तं कलापातलयान्वितम् ।
कालस्तस्य प्रमाणंहिविज्ञेयं तालयोगतः ।। (१)

(ભ.ના. શ્લોક ૧/૩૧)

અર્થાત્ - કલા પાત અને લય યુક્ત એવું જે ઘનવાદ્ય કહેવામાં આવ્યું છે. તેનું પ્રમાણ કાલ જ છે. એવો કાલ કે જેમાં તાલ સમન્વય છે. (સમાંઈ જાય છે.)

સમય (કાલ) નેજ ઘનવાદ્યનું પ્રમાણ કહ્યુ છે. પરંતુ અનાદિ અનંતકાલ પ્રમાણ નથી પરંતુ તાલ રૂપે તેનો કાલખંડ બનાવવામાં આવ્યો છે તે કાલ પ્રમાણ છે. અનંત અનાદિકાલનું જ્ઞાન અશક્ય છે.

સમય(કાલ) અખંડ છે. પરંતુ તેની ઉપયોગિતાની વૃદ્ધિ માટે તેને કલાકો,દિવસો,મહિનાઓ,વર્ષ,સદી વગેરેમાં વિભાજીત કરવામાં આવ્યો છે. પૃથ્વીની ગતિ, ઋતુઓનું આવન-જાવન વગેરે સમય પ્રકૃતિની સાથે નિશ્ચિત છે. તેજ 'ગતિ'નો ક્રમ સંગીતમાં 'તાલ' બનીને તેમાં ઉપયોગી રસપૂર્ણ અને સ્થાયી સ્વરૂપ આપે છે. આજ ગતિનો સંયોગ જ્યારે સાહિત્યમાં થાય ત્યારે 'છન્દ'નો જન્મ થાય છે.

તાલ સંગીતને અનુશાસિત કરીને તેના સુગ્રથિત રૂપથી,સ્થાયિત્ત્વથી તથા ચમત્કારિકતાથી શ્રોતાઓને ભાવવિભોર કરી દે છે. તાલમાં ગતિભેદ ઉત્પન્ન કરી રસ નિષ્પત્તિ સંભવે છે. કરૂણ,શ્રૃગાંર,રોદ્ર,વીર વિગેરે રસો માટે તાલની વિભિન્ન ગતિઓનું મહત્ત્વ છે.

'સ્વર અને તાલ'જ સંગીત સૃષ્ટિનું મૂળ કારણ છે. સ્વરનો વિકાસ ધ્વનિ(નાદ)થી અને તાલનો વિકાસ 'કાલ'(સમય)થી થયો છે. તેથી કાલને સમજવો અતિ- આવશ્યક છે. સંગીત

સૃષ્ટિમાં સ્વર અને તાલનુ અર્થાત્ નાદ(ધ્વનિ) અને કાલ(સમય) બંનેનું હોવું જરૂરી છે. કોઈપણ સંગીત માટે આ બંને આવશ્યક છે. સંગીતમાં નાદનું મહત્ત્વ સવિશેષ છે. જેમ પૃથ્વી પર હવા,પાણી મનુષ્યોનો પ્રાણ છે. તે જ રીતે નાદ એ સંગીતનો પ્રાણ છે. તથા સંગીતમાં નાદને શ્રેષ્ઠ તથા કાલને તેનો સહાયક માનવામાં આવે છે.

વ્યાપક અર્થમાં કાલ (સમય) આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. સમયની ગતિ સદા અગ્રગામી અર્થાત્ આગળ ચાલવાવાળી છે. તે જ ગતિથી મનુષ્યને સમય તથા તેના વ્યવર્તનનો બોધ થતો રહે છે. સમયના વ્યતીત થવાની આજ અનુભૂતિ સંગીતમાં તાલ સૃજનનું મુળ કારણ છે.

મનુષ્યએ પોતાની અલ્પ બુધ્ધિક્ષમતાના આધાર પર તથા આવશ્યકતા અનુસાર તેને વિભિન્ન કાલખંડમાં સ્થાપિત કરી દીધો છે. જેમ કે વર્ષ,માસ,દિવસ,કલાક,મિનિટ,સેકન્ડ વિગેરે. આજ પ્રમાણે સંગીતમાં પ્રયુક્ત થતા સમયનો ઉપયોગ કરવા માટે તેને વહેંચીને એક વિશેષ કાલપ્રમાણમાં ઉપયોગ કરવાથી તાલની ઉત્પત્તિ થઈ. કાલ પ્રમાણમાં પરિકલ્પના કરીને તેનું વિભાજન તથા તેને માપવા કાલના માનની પ્રક્રિયા છે. અને સંગીતમાં કાલ માનની આ જ પ્રક્રિયાથી તાલની સંરચના થઈ છે. પાર્શ્વદેવે 'માન'ના બે પ્રકારો બતાવે છે.

**मनोगा हस्तगा चास्य द्विविधा मानकल्पना ।।**[२]

(સં. સ. શ્લો.સં - ૩/૮)

''મનોગા'' અને ''હસ્તગા'' સમયના વિભિન્ન અંશોની પરિકલ્પના તથા તેની માનસાનુભૂતિ ''મનોગા'' અને તેને હાથના સહારે સશબ્દ અને નિઃશબ્દ ક્રિયાઓ દ્વારા પ્રગટ કરવું તે ''હસ્તગા'' છે.

''મનોગા''માં પરિકલ્પિત કાલ પ્રમાણ ફક્ત મનમાં અનુભવવાથી અપ્રત્યક્ષ રહે છે. જ્યારે ''હસ્તગા '' મનમાં પરિકલ્પિત કાલ પ્રમાણ ક્રિયાઓના દ્વારા પ્રત્યક્ષ થઈને સ્પષ્ટ અભિવ્યક્તિ પામે છે. તેથી ''કાલનામાન'' અર્થાત ''તાલ'' ના પ્રત્યક્ષીકરણમાં ક્રિયાનું વિશેષ મહત્ત્વ

છે. તેથી પાર્શ્વદેવે ક્રિયા દ્વારા પરિકલ્પિત ''કાલમાન''ને જ તાલ કહયો છે.

**स तालः कालमानं यत् त्क्रियया परिकल्पितम् ।**[१]

(સં.સ શ્લોક -૩ સં ૨/૮)

તથા સારંગદેવે ગીત,વાદ્ય,નૃત્યને પરિમિત કરવાવાળા તથા સશબ્દ અને નિઃશબ્દ ક્રિયાઓ દ્વારા લઘુ,ગુરૂ, પ્લુતા વગેરેમાં પરિછિન્ન થઈને પરિમાપ કરવાવાળા 'કાલ' ને 'તાલ' બતાવ્યો છે.

**कालो लघ्वादिमितया त्क्रियया संमितो मितिम् ।**

**गीत्तो देर्विदध त्तालः --------------- ॥**[२]

(સં. ૨ શ્લોક - ૩/૫ તાલ અધ્યાય)

પ્રાચીનકાળમાં ભારતમાં માર્ગ અને દેશીનામક બે ભેદ માનવામાં આવતા હતા. જેની શોધ બ્રહ્માજીએ કરી ભરત આદી વગેરેએ શિવની સમક્ષ પ્રસ્તુત કર્યુ. એન જે નિયત તથા કલ્યપ્રદ છે. તે 'માર્ગ' છે. તથા વિભિન્ન દેશોના લોકો પોતાની રૂચિ અનુસાર મનોરંજન કરવા માટે ગાય,વગાડે તથા નૃત્ય કરે તેને 'દેશી' કહે છે. તેથી આ ભેદોના અનુસાર તાલમાં પણ દેશી અને માર્ગી બે ભેદ માનવામાં આવે છે. તથા આજના પ્રચલિત સંગીતમાં ઉપયોગી બધા તાલ દેશી છે.

સંગીત રત્નાકરમાં માર્ગી અને દેશી ની ચર્ચા કરતા કહેવામાં આવે છે કે..

**गीत्त वाद्यं तथा नृत्तं त्रयं संगीत मुच्यते ।**

**मार्गो देशीति तद् द्विधा, तत्र मार्गः स उच्यत्ते ॥**

**यो मार्गितो विरिञ्च्याद्यैः प्रयुक्तो भरतादिभिः ।**

**देवस्य पुरतः शंभोर्नियताभ्युदयप्रदः ॥**

देशे देशे जनानां यद्रुच्या हृदयरञ्जकम्ः ।

गीतं च वादनं नृत्तं त देशीत्य भिधीयते ।।(૭)

(સં.ર ૧/૧/૨૧-૨૪)

અર્થાત્ ગીત વાદ્ય અને નૃત્યના સમુહને જ સંગીત કહેવામાં આવે છે. અને તેના બે પ્રકાર છે. માર્ગ અને દેશી-માર્ગ એને કહેવામાં આવે છે કે જેને બ્રહ્મા વગેરે એ શોધ્યો અને ભરત વગેરેએ ભગવાન શિવની સામે પ્રયુક્ત કર્યુ. જે નિયત સ્વરૂપ કલ્યાણ-પ્રદ છે. તે માર્ગ તથા ગીત વાદ્ય અને નૃત્ય જુદા-જુદા દેશોમાં લોકોની રૂચી અનુસાર પ્રયુક્ત થઈને હૃદય રંજક બને છે. તે દેશી કહેવામાં આવે છે.

સંગીત રત્નાકાર સિવાય ભરતનાટયશાસ્ત્ર માં ખંડ-૪, અભિનવગુપ્તના અભિવનભારતીમાં પૃષ્ઠ - ૩૮ પંક્તિનં ૪ તથા પૃષ્ઠ -૪ પંક્તિનં ૬ તથા પૃષ્ઠ ૬૯ પંક્તિ ૧૩ માં માર્ગ અને દેશીના વિષય પર ચર્ચા કરવામાં આવી છે.(૭)

કાલ(સમય) ની સાથે તાલની ચર્ચા કર્યા પછી તાલ શબ્દની તથા તેની ઉત્પત્તિ વિશે ચર્ચા કરવી અતિ આવશ્યક છે.

**Tal means division of time. It is considered as the first prane because tala itself is a division of time of music and dance. This division of time is measured by the time of uttering a short syllable.(૪)**

અર્થાત્ તાલ એટલે કાલનું વિભાજન, એને જ પ્રથમ પ્રાણ કહેવામાં આવે છે. કારણ કે તાલ સ્વયં કાલનું; સંગીતનું અને નૃત્યનું વિભાજન છે. કાલનું આ વિભાજન શબ્દના ઉચ્ચારણથી માપી શકાય છે.

તાલ શબ્દની ઉત્પત્તિ તથા તેના રહસ્ય વિશે વિદ્વાનોના અલગ અલગ મત જોવા મળે છે. ડો.અરૂણકુમાર સેને પોતાની પુસ્તક 'ભારતીય તાલોકા શાસ્ત્રીય વિવેચન'માં પૃષ્ઠ - ૪૬-૪૭

પર કરી છે. જેમાંથી કેટલાક અંશ અહિં પ્રસ્તુત છે.

● સંગીત મંકરદમાં તાલ શબ્દની ઉત્પત્તિની ચર્ચા કરતા કહયુ છે કે

ताल शब्दसय निष्पत्तिः प्रतिष्ठार्थेनधातुना ।

गीतं, वाद्यं च नृत्यं च भाति ताले प्रतिष्ठतम् ।।

અર્થાત્ તાલ શબ્દની ઉત્પત્તિ ગીત, વાદ્ય અને નૃત્ય ત્રણેની પ્રતિષ્ઠા ઉપરથી થઈ છે. સંભવતઃ પ્રતિષ્ઠા વાચક ધાતુરૂપ 'તલ્' ઉપરથી તાલ શબ્દ બની શકે છે.

● સંગીતાર્ણવ સંસ્કૃતગ્રંથ અનુસાર

तांडवस्याद्यवर्णेन लकारो लास्य शब्दाभाक् ।

यदा संगच्छते लोके तदा तालः प्रकीर्तितः ।।

તાંડવ(પુરૂષ) શબ્દનો પ્રથમ વર્ણ 'ત' અને લાસ્ય (સ્ત્રી) શબ્દનો પ્રથમ વર્ણ 'લ' આમ 'ત' અને 'લ' 'તલ' ના મિશ્રણથી તાલ શબ્દ બનેલો છે.

● સંગીત દર્પણમાં પં. દામોદર તથા અભિનવે તાલ મંજરીમાં લખ્યુ છે કે

ताकारे शंकराः प्रोक्तो लकारे पार्वती स्मृता ।

शिव शक्ति समायोगात्ताल नामाभिधीयते ।।

તાકારથી ભગવાન શંકર અને લકારથી પાર્વતી (શક્તિ) બંનેના યોગને તાલ કહેવામાં આવ્યો છે. શિવશક્તિના નામથી પણ તેને ઓળખવામાં આવે છે.

● રાગાર્ણવ ગ્રંથમાં

हस्तद्वयस्य संयोगे वियोगे चापिवर्तते ।

व्याप्तिमान् यो दशप्राणैः स काल्स्तालसंज्ञकः ।।

બંને હાથોના સંયોગ વિયોગમાં રહે છે. અને જે દશે પ્રાણોથી વ્યાપ્ત છે. એવો જે 'કાલ' તેનું નામ તાલ કહેવામાં આવ્યું છે.

- ભક્તિ રત્નાકારમાં પંડિત નરહરિ ચક્રવર્તીના અનુસાર

तकारः शरजन्मां स्यादाकारो विष्णुरुच्यते ।

लकारो मारुतः प्रोक्तस्ताले देवा वसन्तिते ।।

તાલ શબ્દમાં 'ત'કાર એ કાર્તિકેય છે. 'અ 'કાર એ વિષ્ણુ છે. અને 'લ' કાર એ વાયુદેવ છે. આ ત્રણે દેવતાઓ દ્વારા નિવાસ કરાયેલો શબ્દ તે તાલ છે.

તાલ શબ્દની ઉત્પત્તિ વિશેના અનેક લક્ષણો પ્રાચીન ગ્રંથોમાં જોવાં મળે છે. જે તથ્યોના આધાર પર લેવામાં આવ્યા છે.

कालस्यः एकद्वित्रयादिमात्रोच्चारणनियमितस्य ।

क्रियायाः परिस्पन्दनाभिकायाः परिछेदहेतुस्तालः ।।

સમયની એક,બે ત્રણં વગેરેના ઉચ્ચારણની નિયમિત અખંડ કાલગતિને છંદ અથવા પદોમાં વિભાજીત કરવા જે પ્રયોગ થયા તેને તાલ કહેવામાં આવ્યો.

कालः त्रिकया परिच्छन्नस् तालशब्देन भण्यते ।

ततः प्रतिष्ठितं ताले सर्वकाले प्रतिष्ठितम् ।।

(તાલ અંક પૃઃ- ૧૮૫)

ક્રિયા કરીને સર્વ ભાવ સંપન્ન અવધિ જે કાલ(સમય)ના માપથી યુક્ત હોય તે કાલને તાલ કહેવામાં આવે છે.

● સંગીત રત્નાકર ગ્રંથમાં તાલ શબ્દની ઉત્પત્તિ માટે પંડિત સારંગદેવ જણાવે છે કે

**तालस्तलप्रतिष्ठायामिति धातोर्घञि स्मृतः ।**

**गीतं वाद्यं तथा नृत्तं यतस्ताले प्रतिष्ठितम् ।।**[૫]

(સં. ર. શ્લો. ૨/૫ તાલ અધ્યાય)

પ્રતિષ્ઠા અર્થ વાળી 'તલ' ધાતુથી 'ઘઞ્' પ્રત્યય લગાવવાથી તાલ શબ્દ બને છે. કારણ કે ગીત, વાદ્ય અને નૃત્ય આમાં પ્રતિષ્ઠિત થાય છે. તેથી તેને તાલ કહેવામાં આવે છે.

પ્રતિષ્ઠાનો અર્થ છે. એક સૂત્રમાં બાંધવુ, વ્યવસ્થિત કરવું, આધાર પ્રદાન કરવો, સ્થિરતા લાવવી ગીત,વાદ્ય તથા નૃત્યના વિવિધ તત્ત્વોને એક વ્યવસ્થા પ્રદાન કરીને સ્થિર બનાવી તેને આધાર આપવાવાળા તત્ત્વને તાલ કહે છે. 'પ્રતિષ્ઠાનવિશેષ' અર્થાત્ વ્યવસ્થાનું નિર્માણ તાલ દ્વારાજ થાય છે.

બોલવામાં તાલ શબ્દનો અર્થ ''નીચે રહેવાવાળો'' અને ''ધારણ કરવાવાળો'' એવો થાય છે. આપણા શાસ્ત્રોમાં કોઈપણ વસ્તુને હાથ ઉપર મુકવા માટે તેને 'હસ્તતલ' (હથેળી) શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં હાથનો તે ભાગ જે 'હસ્તતલ' કહેવાય છે. તે વસ્તુની નીચે રહે છે. તેજ પ્રમાણે આપણા શરીરના નીચે રહીને શરીરને ધારણ કરવાના કારણે પગના નીચેના ભાગને આપણે 'પદતલ' કહીએ છીએ તેજ પ્રમાણે પૃથ્વી માટે 'પૃથ્વીતલ', 'ભૂતલ', 'અવનિતલ' વગેરે શબ્દોનો પ્રયોગ એટલા માટે કરવામાં આવે છે કે તે દરેક વસ્તુને પોતાની ઉપર ધારણ કરે છે. તેજ પ્રમાણે કાલનો જે આવૃત થવાવાળો ક્રિયાત્મક ખંડ ગીત, વાદ્ય તથા નૃત્યને પોતાની ઉપર ધારણ કરીને વ્યવસ્થા પ્રદાન કરે છે. તે જ 'તાલ' છે.

● તેથી જ પ્રાચીન ગ્રંથોમાં કહયુ છે કે ...

**शंभो सत्पद्यते नादो नादादुत्पद्यतेमनः ।**

**मनसोजयते कालः सकालस्ताल संक्षितः ।।**

(તાલ અંક પૃ. ૧૮૪)

શિવથી નાદ, નાદથી મન, મનથી કાલ (તાલ)ની ઉત્પત્તિ માનવામાં આવી છે. તેથી તાલ સંગીતનું પ્રમુખ અંગ છે. તથા તાલોના બે પ્રકાર અને તાલોની જાણકારી પણ પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. તેના પ્રમાણે

**दुहिणेन यदान्विष्टं प्रयुक्तं भरतेनच महादेवस्य**

**पुरतस्तन्मार्गाख्यिं विबुधैर्मतम् ।।४।।** (5)

(સં.દા શ્લો. -૪)

બ્રહ્મા વગેરે દેવ ગણો અને ભરત વગેરે ઋષિઓએ મહાદેવની સન્મુખ જે સંગીત પ્રદર્શિત કર્યું તેને માર્ગ સંગીત કહેવામાં આવ્યુ છે. એમ જ્ઞાનીઓએ માન્યુ છે.

તથા માર્ગ અને દેશી સંગીત માટે સંગીત રત્નાકરમાં પણ ઉપરોક્ત વિધાન અનુસાર કહેવામાં આવ્યુ છે. તથા કહયુ છે કે માર્ગ સંગીત જે ભગવાન શંકરની આગળ પ્રયોજયું તે હંમેશા અભ્યુધ્ય આપનારૂ બન્યુ છે. એટલે કે ભૂમી પર આનંદ આપનારુ બન્યું છે.

**स्वर्गे मार्गाश्रितं देश्याश्रितं भूतलरंजकम्** (5)

માર્ગતાલ ને સ્વર્ગના આનંદ રૂપ અને દેશીતાલ ને ભૂમીના આનંદ માટે માનવામાં આવ્યો છે. તથા તાલના બે ભેદ પણ માનવામાં આવ્યા છે.

**मार्गदेशीगत. वेन तालोऽसौ द्विविधो मतः ।**

**शुद्धसालग संकीर्णस्ताल भेदाः क्रमान्मताः ।।**(5)

માર્ગ અને દેશી એ બે તાલોને બે પ્રકારના માનવામાં આવ્યા છે. શુધ્ધતાલના માર્ગ-શુધ્ધ અને દેશી-શુધ્ધ એમ બે ભેદ છે. તે પ્રમાણે સાલગના પણ બે ભેદ છે. માર્ગ સાલગ અને દેશી-સાલગ તથા સંકીર્ણતાલ બધા તાલોના મિશ્રણથી બન્યો છે.

શુધ્ધતાલ - જેમાં કોઈ તાલની છાયા ન હોય

સાલગતાલ - બે અલગ-અલગ તાલોના મિશ્રણથી ઉત્પન્ન થયો હોય

સંકીર્ણ - ઘણા બધા તાલોના મિશ્રણથી બન્યો હોય

સમય (કાલ) ની સાથે-સાથે તાલની શબ્દ-ઉત્પત્તિ તથા પ્રાચીનતમ તાલ વિવરણની ચર્ચા કર્યા પછી તાલમાં ઉપયોગી શબ્દ સમૂહોની ચર્ચા અતી આવશ્યક બને છે.

તાલમાં ઉપર્યુક્ત અક્ષર,શબ્દ અથવા શબ્દ સમૂહ જેનો પ્રયોગ આદિ કાળથી લય-ગતિઓના પ્રદર્શન માટે થતો રહયો છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોના મતાનુસાર સ્વરવર્ણો અથવા શુધ્ધ ક.ખ.ગ.ઘ.ટ.ઠ.ડ.ઢ.ણ.ત.થ.દ.ધ.ન.ર. અને હ. આ ૧૬ વર્ણોના વિભિન્ન સંયોગ વિયોગના આધાર પર તા, દિત્, થૂ, ન્ના, કિટ,ત્રિ,ગે,ગ,તિ,દિ આદિ શબ્દો (બોલ)ને માત્રાઓમાં નિબધ્ધ કરીને મૃદંગ પર વગાડવામાં આવે છે. સંગીત રત્નાકર અમરાવતી સંસ્કરણમાં તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

**ङवर्जितः कवर्गश्च टतवर्गौ रहावपि ।**
**इति षोडश वर्णाः स्युरूमयोः पाटसंज्ञाकः ।।८२२।।**
**संयोगविप्रयोगाभ्यां : कमव्युत्क्रमयोगतः ।**
**सस्वरत्वास्वरत्वाभ्यां पाटास्तेस्युरनेकधा ।।८२३।।**(૭)

(ખંડ ૩ પૃ. ૩૯૪-૯૫)

અંગ સિવાયના **'ક'** વર્ગ એટલે કે ક્,ખ્,ગ્,ઘ્,**'ટ'** વર્ગના ટ્,ઠ્,ડ્,ઢ્,ણ્,**'ત્'** વર્ગના ત્,થ્,દ્,ધ્,ન્ અને ર્ તથા હ્ એમ મળીને બંને બાજુએ વગાડી શકાય છે. એવા વાદ્યની સંજ્ઞા વાળા ૧૬

વર્ણો છે. આ ૧૬ વર્ણોના સંયોગ અને વિયોગ ક્રમ અને વ્યુતક્રમ, સ્વરસહીત અને સ્વરરહીત એવા યોગોથી વગાડાતા વાદ્ય અનેક પ્રકારના છે.

ઉપરોક્ત વર્ણમાંથી ચાર વર્ણો ''તા,દિત્, થુ તથા ન્ના'' નો પ્રચાર પ્રાચીન સમયથી રહયો છે. ભગવાન પદ્મપાણિએ પોતાના ચાર મુખોમાંથી આ ચાર શબ્દોનું ઉચ્ચારણ કરીને મૃદંગ વાદન માટે ગજાનનને શિક્ષા આપી. આ માટે ચાર ક્રિયાઓની શિક્ષા આપી જે આ પ્રમાણે છે.

- પાર્શ્વપાણિ -આંગળીઓ પછીનો ભાગ.

જમણા હાથની ટચલી આંગળીની તરફના અડધા ભાગ વડે મૃદંગના દક્ષીણ(જમણા) મોઢા પર આઘાત.

- અર્ધપાણિ - આંગળીઓ પછીનો અડધો ભાગ.

જમણા હાથની ટચલી અને અનામિકા,મધ્યમાં તથા તર્જની આ ચાર આંગળીઓને એકઠી કરી તેના આગળના ભાગ વડે (ટેરવા) મૃદંગના જમણા મોઢા પર દબાવીને આઘાત.

- દણ્ડપાણિ - હાથના કાંડાનો ભાગ.

ડાબા હાથની છેલ્લી આંગળી' અનામિકા, મધ્યમાં; તર્જની આ ચાર આંગળીઓને એકત્રિત કરી મૃદંગના ડાબા મોઢા પર મુક્ત આઘાત.

- કર્તરી - હાથની હથેળી.

જમણા હાથની તર્જનીના આગળના ભાગ દ્વારા મૃદંગના જમણા મોઢે પાછલા ભાગ ઉપર આઘાત કરવો.

**ता दित् थु न्ना चतुः शब्दा विधि वक्त्राविनि र्गताः**
**हेरम्बेण गृहित्ताः स्युरपदिष्टाः स्वयन्तुवा**
**पार्श्वपाण्यर्धपाणी च दण्पाणिश्च कर्त्तरी**
**एताश्चतुर्विधा हस्त क्रितास्तेन प्रदर्शित्तः ।।**(७)

(ધ્વનિ મંજરી મૂ.મ.પૂ.-૧૦)

અર્થાત્ તા, દિત્, થુ, ન્ના આ ચાર શબ્દો બ્રહ્માજીના મુખમાંથી નીકળ્યા છે. અને આ ચાર વર્ણોને ગણપતીજીએ ગ્રહણ કર્યા છે. અને અસંખ્ય વાદ્ય દ્વારા ઉપદેશ્યા છે. તે ગણપતિજીએ પાર્શ્વપાણી - અર્ધપાણી - દંડપાણી અને કર્તરી એ રીતે ચાર પ્રકારના હસ્તવાદ્યો બનાવીને પ્રદશિર્ત કર્યા છે. જેની ચર્ચા ઉપર કરવામાં આવી છે.

ઉપરોક્ત સંદર્ભમાં સંગીત રત્નાકાર અમરાવતી સંસ્કરણમાં ઉલ્લેખ છે કે ગણપતિજી એ આ જ મૂળ શબ્દોના આધાર પર અસંખ્ય શબ્દ સમૂહનું નિર્માણ કર્યું.

**हस्तोदमवाः पाटमेदा हस्तपाटाः प्रकीर्तता ।।८२८।।**

હસ્ત દ્વારા ઉત્પન્ન થયેલા વિવિધ પાટ વાદ્યો હસ્તપાટ તરીકે કહેવામાં આવેલા છે.

**ते चानन्तान शक्यन्ते प्रत्येकं वेदितुं जनैः ।**

**प्रदर्शनार्थमेत्तेषु कतिचित्प्रतिपादये ।।८२९।।**

(ખંડ-૩ પૃ. ૩૯૬)

તથા તે અનંત છે કે જે પ્રત્યેકને લોકો દ્વારા જાણી શકાય તેમ નથી. પરંતુ માત્ર જાણવા ખાતર જ કેટલાકનો ઉલ્લેખ કરું છુ.

સંગીત રત્નાકાર વગેરે આદિ સંગીતશાસ્ત્ર ગ્રંથોમાં કેટલાક શબ્દોનો ઉલ્લેખ થયો છે. પ્રાચીન શબ્દોમાંથી અનેક શબ્દોનું વર્તમાન સંગીતમાં પ્રચલન નથી પરંતુ પ્રાચીન શબ્દોનું વર્તમાન અપભ્રંશ શબ્દો તાલ ધ્વનિ માટે પ્રચલિત છે.

| સંસ્કૃત શબ્દ | વર્તમાન અપભ્રંશ-શબ્દ સ્વરૂપ |
|---|---|
| दांग् | દિન |
| तधिक | તધિક |

| | |
|---|---|
| थोथी | ધિધિ |
| दिश्यांग | દિન્તાન્ |
| तदटंग | તદનાગ્ |
| तगि | તગિ |
| दन्ता | દિન્તા |
| तथो | તધે |
| दंखा | દિન્તા |
| तत | તત |
| टुटुनकि | તટિનકિ |
| खबटंग् | ખિટિનગ્ |
| दीग | તી |
| तथा | તતા |

(ભા. તા. શ.વી. પૃ. -૧૭૮)

નાટયશાસ્ત્ર, સંગીત રત્નાકર તથા પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં ઉપલબ્ધ હસ્તપટ વર્ણોનું સમુચ્ચિત અધ્યયન અને મૃદંગ પર શૈલી પ્રમાણે વાદન કરવું સંભવ નથી. પરંતુ નિશ્ચિત પણે કહી શકાય કે તેમાંથી કેટલાક વર્ણો રૂપાન્તર સહિત મૃદંગ વાદન માટે પાછળથી સ્વીકારવામાં આવ્યા તથા ઉચ્ચારણની સુવિધા માટે જે ૧૬ વર્ણોને માનવામાં આવ્યાં હતા તે વર્ણો આજે પણ બોલવામાં આવે છે.

ભાષા વિજ્ઞાનાનુસાર હજારો વર્ષમાં ઉચ્ચારણનું કદાચિત અલગ થઈ જવું એક નૈસર્ગિક સત્ય બાબત છે. તથા શબ્દ ઉચ્ચારણના પ્રાયોગિક પક્ષના અભાવના કારણે કહેવું મૂશ્કેલ છે કે તત્કાલીન શબ્દોનું સાચું ઉચ્ચારણ શું હશે પરંતુ એ સત્ય છે કે પ્રાચીન વર્ણોના ઉચ્ચારણનું સમુચ્ચિત જ્ઞાન ન હોવાથી પ્રાચીન વર્ણોનો વર્તમાન સમયમાં ઉપયોગ થઈ શક્યો નથી.

પરંતુ આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે નાટયશાસ્ત્ર, સંગીત રત્નાકર તથા પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં પ્રયુક્ત વર્ણોનું ભાષા વિજ્ઞાનના નિયમોના આધાર પર ઉચિત લય નિર્વાહ શબ્દ બની શકે.

તાલના શાબ્દિક અર્થ તથા ઉત્પત્તિની ચર્ચા કર્યા પછી તાલની વ્યાખ્યા સમજવી અતિ જરૂરી છે.

ભારતમાં સંગીત વિષય પર પ્રાપ્ત પ્રાચીન ગ્રંથો અનુસાર......

- પંડિત ભરતમુનિ એ નાટયશાસ્ત્રમાં તાલની વ્યાખ્યા કરતા કહયુ છે કે 'સંગીતમાં કાલને માપવાના સાધનને તાલ કહેવામાં આવે છે.' જે કલા, પાત અને લયથી શોભે છે. અને તેને માપવા માટેનું માધ્યમ પ્રાચીન સમયમાં ઘન વાદ્ય હતું.
- સંગીત રત્નાકર અનુસાર ''જેમાં ગીત વાદ્ય અને નૃત્ય પ્રતિષ્ઠાન થાય છે, તેને તાલ કહે છે.'' અહિં પંડિત સારંગદેવે પ્રતિષ્ઠાનનો અર્થ એક સુત્રમાં બાંધવું, વ્યવસ્થિત કરવું, આધાર આપવો અથવા સ્થિરતા પ્રદાન કરવી આ પ્રમાણે સંગીત શાસ્ત્રોમાં પ્રતિષ્ઠાન અર્થાત્ વ્યવસ્થાનું સંપાદન તાલ દ્વારા થાય છે.
- અભિનવ ગુપ્તના અનુસાર...

'તાલ સશબ્દ અને નિઃશબ્દ ક્રિયા વિશેષના યોગથી બને છે. જે કાલની વિભાજક, ક્રિયારૂપ અને દ્રાવ્યાત્મા છે. આ વ્યાખ્યામાં ક્રિયા શબ્દ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે ક્રિયા જ તાલનો કાલ છે.'

- અમરકોષના લેખક પંડિત અમરસિંહ એ....

સમયના માન(માપ)ને તાલ કહયો છે. જેના આધાર પર સંગીત રહે છે. તેને તાલ કહયો છે. અહી 'કાલ ક્રિયા'ને માપવાને તાલ કહેવામાં આવ્યુ છે.

કેટલાક વિદ્વાનોએ 'લઘુ, ગુરૂ, પ્લુતથી યુક્ત સશબ્દ અને નિઃશબ્દ ક્રિયા દ્વારા ગીત,વાદ્ય, અને નૃત્યને પરિમિત કરવાવાળા કાલને તાલ કહયો છે.'

આ ઉપરોક્ત વર્ણનથી એકજ નિર્ણય આવે છે કે જે મહર્ષિ ભરતના અનુસાર જે વિવેચન કરવામાં આવ્યુ છે તે યથાયોગ્ય અને ઉચિત છે કે '(સમય) કાલને માપવાના સાધનને તાલ

કહેવામાં આવે છે'. તથા તાલને વિભિન્ન વિભાગ,માત્રા,તાલી,ખાલી તથા ક્રિયાઓમાં લિપિબધ્ધ કરીને તેની રચના સંભવે છે. જે માટે કલા,પાત,લય, કાલ, સશબ્દ તથા નિઃશબ્દ ક્રિયાઓ વગેરે તાલ સંબંધી સ્વરૂપો સમજવા તથા તે માટે તાલના દશ પ્રાણ સમજવા અતિ આવશ્યક છે. તાલની વ્યાખ્યા સમજ્યા પછી તાલ ઉત્પત્તિ માટેની આવશ્યકતા સમજવી જરૂરી છે.

એવું કહી શકાય કે સાહિત્યમાં છંદનો અને સંગીતમાં તાલનો જન્મ સ્વભાવિક રૂપથી થયો હશે. આદિમાનવે નિનાદની નદિયોના શાશ્વત પ્રવાહમાં સૂર્યોદય અને સૂર્યાસ્તમાં, ઋતુઓના નિયમિત ચક્રમાં, જીવનનાં ક્રમિક વિકાસમાં છન્દો તથા તાલોનો અનુભવ કર્યો હશે. તેજ લયની ગતિ ભાષાનો આશ્રય લઈને સાહિત્યમાં છંદ અને સંગીતમાં તાલ બનીને પ્રાણ ફુંકવા લાગી. માનવ સભ્યતાના ઉદયની સાથે હૃદયની ઉતેજનાઓ તથા ઉલ્લાસ નૃત્યરૂપે પ્રગટ થઈ. તે જંગલી માનવ જાનવરોને મારી તેના કાચ માંસને આરોગતા આરોગતા આનંદની તાલી વગાડી નૃત્ય કરતો હતો. સમયની આજ ગતિને સંગીતકારોએ સ્વરો તથા તાલો અને સાહિત્યકારોએ શબ્દોમાં ગુંથીને સમૃધ્ધ કર્યુ.

વૈજ્ઞાનિક પ્રમાણોના આધાર પર કહી શકાય કે સમસ્ત બ્રહ્માંડ લય ગતિથી યુક્ત છે. માનવજીવન પશુ-પક્ષી, ચર-અચર,બધા નિશ્ચિત સમય પર પોતાનું કાર્ય કરે છે. સમય અખંડ છે. પરંતુ તેની ઉપયોગિતા માટે તેને કલાકો, પ્રહર,દિવસ, મહિના,વર્ષ વગેરેમાં વિભાજીત કરવામાં આવ્યો છે. વિશ્વ વિધાતા દ્વારા સર્જિત સમસ્ત પ્રકૃતિમાં નિશ્ચિત ગતિ છે. તેજ સંગીતમાં તાલ બનીને તેને ઉપયોગી, રસપૂર્ણ અને સ્થાયીરૂપ પ્રદાન કરે છે.

**उत्पत्त्यादि त्रयं लोके यतस्तालेन जायते ।**
**कीटकदि पशूनां च तालेनैव गतिर्भवेत् ।।**
**यानि कनिच कर्माणि लोकेतालाश्रितानि च ।**
**आदित्यादि ग्रहानांच तालेनैव गतिर्भवेत् ।।**

(ભા. તા. શા. વી. - પૃ. ૫૧)

અર્થાત્ ઉત્પત્તિ (ઉત્પન્ન થવાવાળું), સ્થિતિ (ધારણ થઈ રહેવું) અને લય (વિનાશ પામવાવાળું). આ ત્રણેય તાલ દ્વારા જ ઉત્પન્ન થાય છે. ક્રિટક વગેરે અને પશુઓની પણ ગતિ તાલથી જ થાય છે. આ જગતમાં જે કોઈ કર્મ થાય છે. તે બધા તાલને જ આશ્રિત છે. સૂર્ય વગેરે ગ્રહોની પણ ગતિ તાલની રીતે જ થાય છે. તાલના વિવિધ તથ્યોના અભ્યાસ પછી અહી તાલની સત્યતા દર્શાવતા વિદ્વાનોના મંતવ્યો જાણવા જરૂરી છે. તેનાથી તાલનું સ્પષ્ટ સ્વરૂપ આપણે જાણી શકીશું.

● તાલની સાર્થકતા ગાયન, વાદન અને નૃત્યમાં કેટલી અધિક છે. તેનું વર્ણન કરતાં આદીમુનિ ભરત કહે છે કે...

यस्त तालं न जानाति न स गाता न वादकः ।
तस्मात् सर्वप्रयत्नेन कार्य तालावद्या रणम् ।। (૮)

(નાટ્યશાસ્ત્ર ૩૧/૩૬૮/૩૬૯)

અર્થાત્ જે તાલને જાણતો નથી તે ન તો વાદક છે, ન તો ગાયક છે, જે તાલને જાણે છે તે જ સર્વ સંપન્ન સંગીત સાધક છે.

● પંડિત સોમેશ્વર ભૂપે પોતાના ગ્રંથ માનસોલ્લાસ ભાગ-૩માં તાલનું મહત્ત્વ દર્શાવતા લખ્યું છે કે ...

न तालेन विना गीतं न वाद्य तालवर्जितम् ।
न नृत्यं तालहीनं स्याद्तस्तालोडत्र कारणम् ।।
गीत्त वाद्यं तथा नृत्यं त्रितयं येन लभ्यते ।
तेन ताल इति ख्यातः स्वमेश्वर महीभुजा ।। (૯)

(માનસોલ્લાસ ૧૬/૪/૮૩૭-૮૩૯)

ગીત,વાદ્ય તથા નૃત્ય તાલના કારણે છે. ગીત,વાદ્ય તથા નૃત્ય તાલને કારણે પુજાય છે. તેવો મારો મત છે.

- "Metre is allowed to have this effect in poetry and why not in music? It is very well known that a mere treansposition of key without a change in the time has very little power on the spirits of the hearer [૯]

**(Willard-(Treatise of the Hindumusic)**

કાવ્યની શોભા માત્ર છંદ જ નથી. પણ અલૌકિક આનંદની પરિપૂર્તિતો તાલ અને લયના સુમેળથી જ સધાય

- શ્રી નરહરી ચક્રવર્તી એ પોતાના ગ્રંથ ભકિત-રત્નાકરમાં તાલનું વર્ણન કરતા કહયુ છે કે...

**गीते तालयक्त ताल बिना शुद्धिनय ।**

**जैदे कर्णधार बिना नौका तैद्दे हम ।।** [૧૦]

જેમ નાવિક વગરનું નૌકા ન શોભે તે પ્રમાણે તાલ વગરના ગીતનું મહત્ત્વ નથી.

- કાલ (સમય)એ બ્રહ્માંડની આગવી વિશિષ્ટતા છે જેને સંગીતમાં પુનરાવર્તિત ક્રિયામાં ઢાળીને અલગ અલગ પ્રકારની લય તથા લયકારીઓમાં સ્થાપિત કરીને તાલનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેથી જ બ્રહ્માંડ તથા પૃથ્વીના ઉત્પત્તિ કાળથી આજ સુધી તેનું યેનકેન પ્રકારે મહત્ત્વ સ્વિકારવું જ રહયુ.

(પ્રો. વસંત રાનડે સાહેબ)

- મહાકવિ શેકસપિયર સંગીતજ્ઞ ન હોવા છતાં પણ તાલની અનુભૂતિ તેઓના શબ્દોમાં કરતા કહે છે કે..

"Ha, He keeps time; how sour sweet music is, when time is broken and proportion kept" [૧૧]

સંગીતના તાલે ચાલતો સમય, સંગીત બંધ થતાં જ ખંડિત થયેલો લાગે છે.

● તાલ સંગીતને અનુશાસિત કરીને તેનું સંગઠીત સ્થાયિત્વ તથા ચમત્કારિતાથી શ્રોતાઓને ભાવ-વિભોર કરી દે છે. તાલના કારણે પ્રાચીન તથા વર્તમાન સંગીતને સ્વર-લિપિ તથા બોલલિપિ દ્વારા ભવિષ્યના માટે સુરક્ષિત રાખવું સંભવ થયું છે. નિશ્ચિત તાલ ગતિના ફળ સ્વરૂપે સંગીતમાં ક્રમિક અરોહ-અવરોહ-વિરામ વગેરેનું નિર્માણ થયું છે.

(ગુરૂ શ્રી પ્રો.સુધીરકુમાર સક્સેના સાહેબ)

● 'ગાન્ધર્વ વેદોધૃતસાર' સંગીત રજતજયંતિ અંક માર્ચ ૧૯૬૦ માં પ્રકાશિત થયો જેમાં ...

ધ્રુવક(તાલ)ના લક્ષણોનું વર્ણન કરતાં કહયુ છે કે જે પ્રમાણે વિવેક વગરનું જ્ઞાન, આત્મા વગરનું ધ્યાન અને શ્રદ્ધા વિહિન દાન હોય તેજ પ્રકારે ધ્રુવક (તાલ)વિહિન ગાયન (સંગીત) હોય છે.

સ્થાપત્ય શાસ્ત્રના એક ગ્રંથ ''અપરાજીત પૃચ્છા'' માં સંગીત પર ચર્ચા કરતા લેખકે ''અપરાજીત'' તાલનું વર્ણન કરતાં લખ્યું છે કે...

यतः प्रवर्त्तते वाद्यं रथे वै पथिका यथा ।
समस्तं वै तालवाद्येयं तालहीनं न विद्यते ।
तालहीन तथा वाद्येयं चक्षुर्हीनो यथा नराः ।। (१२)

જેમ પથિક વગરનો રથ હોય તથા ચક્ષુવિહીન માનવ હોય તેમ તાલ વિહીન વાદ્યનું થાય.

● સુધા કલશ કૃત ''સંગીતોપનિષત્સારો દ્વાર'' માં પૃ. ૧૫ પર કહયુ છે કે.....

गीतं वाद्यं तथा नृत्यं तालवर्जन न शोभते ।
तालाभावन्ना मेलः स्यादमेला दव्य वस्थितिः ।।५।।
न रंगमव्य वस्थातो बिना रंग कुतो लयः ।
लयं विना न सौख्यं स्यात तन्मूल ताल उच्चते ।।६।। (१३)

● "Tal gives to music a regular, ordered ferling based on an even flow Tala is unity in diverssity.[૧૪]

તાલ સંગીતને નિયમબધ્ધ,શિસ્તબધ્ધ અને ભાવનામય બનાવે છે. તાલ વિવિધતામાં એક્તાનું સ્વરૂપ છે.

● પં.ભગવતી શરણ શર્મા પોતાના પુસ્તક ''સંગીત નિબંધ મંજરી'' માં તાલનું પ્રદર્શન કરાવતા કહયુ છે કે...

''આપણા ગ્રંથોમાં કહેવામાં આવ્યુ છે કે શ્રુતિ (સ્વર) ''માઁ'' છે. અને લય ''પિતા'' છે. માઁ બાળકને જન્મ આપે છે, પરંતુ તેને શું બનાવવો તેનો નિર્ણય પિતા કરે છે. તે પોતાના પુત્રને તેવા પ્રકારની જ શિક્ષા આપે છે કે જેની તેને આવશ્યકતા છે. તે પુત્રને ઉધ્ધત નથી થવા દેતો પરંતુ તેની ઉપર નિયંત્રણ રાખે છે. તે જ પ્રમાણે (શ્રુતિ) સ્વર દ્વારા સંગીતની રચના થઈ તેની ઉપર નિયંત્રણ ''તાલ'' રાખે છે.

● સંગીત સમયસારના લેખક પાર્શ્વદેવે તાલનું મહત્ત્વ સ્વિકારતા લખે છે કે....

**तालप्रपंचकुशलः समादि ग्रहे वेदिता ।**
**न्यासापन्यास कालज्ञस्ताल केण प्रशरवित् ।।१३५।।**
**लघुहस्तो वितानज्ञाः कालवेत्ता जितश्रमः ।**
**तालानुगो लयज्ञश्च तालगीतानुं गस्थता ।।१३६।।**[૧૫]

(સં.સ.ત્રી. સં પૃ. ૮૯)

● ઉન્નતિશીલ સંગીતની હર એક સત્યતાને પારખવા માટે ફકત તાલ એક જ વિશ્વાસુ મિત્ર સિધ્ધ થાય છે. તથા તેટલું જ નહિ પરંતુ ખરા અર્થમાં તે સંગીત કલાવિદ્ગોને સચેત રાખવા માટે પણ સહાયભૂત છે.

(આર.એલ.નટારા -તાલ અંક પૃ.- ૫)

- ડો. અરૂણકુમાર સેન તાલનું મહત્ત્વ દર્શાવતા કહે છે કે ...

'તાલ' સંગીતને એક નિશ્ચિત સમય અથવા નિયમના બંધનમાં બાંધે છે. તાલ સંગીતમાં વિભિન્ન સૌંદર્યપૂર્ણ ચલન શૈલીઓનો વિકાસ કરે છે. તેથી તેમાં સંગીતના સમયની રક્ષા થાય છે.

તાલ અધ્યાયની શરૂઆતમાં તાલની ઉત્પત્તિથી માંડીને તેના વર્ણો સુધીની ચર્ચા કરવામાં આવી છે. સંગીતના વિદ્વાનો તથા શાસ્ત્રકારોએ તાલને ગાયન,વાદન અને નૃત્યની સાથે સંગતિ અને આધુનિક યુગમાં સ્વતંત્ર રૂપમાં પ્રસ્થાપિત કર્યો છે. અને તાલના મહત્ત્વનું દર્શન કરાવ્યું છે.

હું અહી એટલું જ કહી શકું કે જ્યારે ગાયક,વાદ્યકાર કે નૃત્યકારની સાથે તાલ પ્રદર્શિત કરવાવાળો તેઓ સાથે એકરૂપ ન થાય તો તે વિષય અત્યંત નિરાનંદાયક બનીને દુ:ખનું કારણ બનશે. પરંતુ જ્યારે બધા એકરસ થઈ જશે ત્યારે સંગીતના એ ગુણ જોવા મળશે કે ...

ગાયક સ્વર-વાદ્ય માં લીન હોય, સ્વર-વાદ્ય ગાયનમાં લીન હોય અને આ બંને તાલમાં મગ્ન હોય અને તાલ આ બંનેમાં મગ્ન હોય અને...

**नाहं वसामि वैकुण्ठे योगिनां ह्रदये न च ।**

**मदभृक्ता यत्रागायान्ति तत्र तिष्ठामि नारद ।।**

અર્થાત્ ત્યાંજ બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. જ્યાં ગાનવિદ્યાનો 'તાલ' પ્રાણ છે અને નૃત્ય તેનું અલંકાર છે. તે જ કારણ છે કે સંગીતને...

**धर्मार्थकाम मोक्षाणामिदमे वै कसाधनम् ।**

ધર્મ,કામ,મોક્ષ,અર્થનું સાધન મનાતા તાલના સંબંધમાં કહ્યુ છે...

**तालज्ञेश्चाव प्रयोसेन मोक्ष मार्ग स गच्छति।**

તેનાથી તાલની મહત્તાનું જ્ઞાન થાય છે. તાલના દ્વારા મનુષ્ય મોક્ષ પ્રાપ્તિ માટેનો અધિકારી થઈ જાય છે. આનાથી વધારે આની વિશેષતા બીજી કઈ હોઈ શકે ?

તેથીજ શાસ્ત્રોમાં કહયુ છે કે...

**यानिकानिच कर्माणि लोके तालश्रितानिच ।**
**आदित्यादि प्रहाणं च ताले नैव गतिर्भवेत ।।**

# પાદટીપ

| | |
|---|---|
| ૧. ભા.સં.તા.રૂ. | પૃ.૩ |
| ૨.તા.ઉ.વિ.વા.શૈ. | પૃ.૬ |
| ૩.ભા.સં.તા.રૂ. | પૃ.૨ |
| ૪. ભા.સં.વૈ.વિ. | પૃ.૧૨૧ |
| ૫.ભા.સં.તા.રૂ. | પૃ.૭ |
| ૬.ભા.તા.શા.વિ. | પૃ.૪૮ |
| ૭.ભા.તા.શા.વિ. | પૃ.૧૭૬-૧૭૭ |
| ૮.ભા.સં.તા.રૂ. | પૃ.૫૬ |
| ૯.ભા.તા.શા.વિ. | પૃ.૫૪ |
| ૧૦.ભા.તા.શા.વિ. | પૃ.૧૧૪ |
| ૧૧.ભા.તા.શા.વિ. | પૃ.૫૫ |
| ૧૨.ભા.સં.તા.રૂ. | પૃ.૧૦૧ |
| ૧૩.ભા.તા.શા.વિ. | પૃ.૩૩૪ |
| ૧૪.ભા.સં.વૈ.વિ. | પૃ.૧૧૫ |
| ૧૫.ભા.તા.શા.વિ. | પૃ.૩૬૭ |

# 'તાલના દશ પ્રાણ'

પરંપરાગત રૂપમાં પ્રાચીનકાળથી જ ભારતીય સંગીતમાં તાલ સંરચનાના કેટલાક મૂળભૂત આધાર માનવામાં આવ્યા છે. અલગ-અલગ ગ્રંથોમાં તેની સંખ્યા, ક્રમ અને કેટલાક નામોમાં પણ ભિન્નતા જોવા મળે છે.

- ભરતનાટ્યશાસ્ત્રમાં...

  ૧.કાલ ૨.કલા ૩. પાત ૪. લય ૫.માર્ગ ૬. યોનિ ૭. યતિ ૮. પાણિ

- સંગીતરત્નાકરમાં...

  ૧.કાલ ૨.ક્રિયા ૩. માર્ગ ૪. કલા ૫.લય ૬. યતિ ૭. ગ્રહ ૮. પ્રસ્તાર

- સંગીત સમયસારમાં...

  ૧.કાલમાન ૨.ક્રિયા ૩.માત્રા ૪. લય ૫. યતિ ૬.માર્ગ ૭.ગ્રહ ૮.પ્રસ્તાર

પરંતુ તાલ સંરચનાના દશ મૂળભૂત આધારો ''તાલના દશ પ્રાણ'' ના રૂપમાં સૌ-પ્રથમ ''નારદ-કૃત સંગીત મકરંદ'' ગ્રંથમાં ઉલ્લેખીત છે.

**कालमार्गत्रिकयाङ्गनि ग्रहजातिकलालयाः ।**

**यति प्रस्तारकं चैव तालप्राण दश स्मृताः ॥५॥**[૧]

(નૃત્ય અધ્યાય ત્રીજું પદ)

**કાલ, માર્ગ, ક્રિયા, અંગ ગ્રહ, જાતિ, કલા, લય, યતિ અને પ્રસ્તાર** આ તાલના દશ પ્રાણ જાણવા.

સંગીત મકરંદ ગ્રંથને કેટલાક વિદ્વાનો પ્રાચીન તો કેટલાક મધ્યકાલીન ગ્રંથ માને છે.

તેથી તાલના દશ પ્રાણને કેટલાક વિદ્વાનો પ્રાચીન તો કેટલાક મધ્યકાલીન પરીકલ્પના માને છે.

એવું લાગે છે કે પ્રાચીન પરંપરાથી ચાલી આવતી તાલ સંરચના મૂળભૂત આધારોની કલ્પના જ આગળ સુવ્યવસ્થિત સ્થિતિ થઈ ને તાલના દશપ્રાણના રૂપમાં પ્રસ્થાપિત થઈ. તાલને ક્રિયાત્મક રૂપથી સાકાર તથા ગતિમાન કરવા અર્થાત્ સજીવન કરવા મહત્ત્વપૂર્ણ હોવાને કારણે તેને તાલના દશપ્રાણ કહેવામાં આવ્યા. તથા તાલના પ્રત્યક્ષ પ્રયોગમાં તેનો મહત્ત્વનો ફાળો માનવામાં આવ્યો છે.

ભારતીય સંગીતમાં આધુનિક તાલ પધ્ધતિ ઘણી વિકસિત થઈ હોવાથી પ્રત્યક્ષ વ્યવહારમાં આજે આમાંથી ઘણાનું મહત્ત્વ નથી છતાં પણ ભારતીય સંગીતની તાલ સંરચના સમજવા માટે આનું અધ્યયન ઉપયોગી છે. આ ઉપરાંત મધ્યયુગના અનેક ગ્રંથોમાં તાલના તત્ત્વોને દશપ્રાણના રૂપમાં નિરૂપિત કરવામાં આવ્યો છે. મધ્યકાલીન ગ્રંથ ''રસકૌમુદી તથા સંગીત દર્પણ'' માં તાલના દશપ્રાણ બતાવવામાં આવ્યા છે. જે સંગીત મકરંદ ગ્રંથમાં છે.

**कलोमार्गत्क्रियाङ्गानि ग्रहो जातिः कला लयाः ।**
**यतिः प्रस्तार इत्युक्तास्ताले प्राणादश त्क्रमात् ॥**[२]

--- (રસકૌમુદી- ૪/૯૫)

ઉપરોક્ત આધુનિક યુગમાં ગ્રંથકારો તથા સંગીતજ્ઞો દ્વારા સૈધાન્તિક રૂપથી માન્યતા પ્રાપ્ત તાલના દશપ્રાણની વિગતવાર ચર્ચા કરીશું

| | |
|---|---|
| ૧. કાલ | ૬. જાતિ |
| ૨. માર્ગ | ૭. કલા |
| ૩. ક્રિયા | ૮. લય |
| ૪. અંગ | ૯. યતી |
| ૫. ગ્રહ | ૧૦. પ્રસ્તાર |

# કાલ

કાલ અર્થાત્ સમય પરંતુ તાલના વિશિષ્ટ સંદર્ભમાં કાલનું તાત્પર્ય તાલ ખંડોના માટે નિયત કાલ પ્રમાણો થી છે. સમયને વિભિન્ન માત્રાઓ દ્વારા નિબધ્ધ કરી તાલની રચના કરવામાં આવે છે. કાલ અનાદિ, અનંત છે. તેનું જ્ઞાન અસંભવ છે. પરંતુ ખંડ બનાવીને તેનું જ્ઞાન સંભવ છે. તેથી ઉદાહરણ તરીકે કહી શકાય કે ઘડીયાળનું એક નિશ્ચિત ક્રમથી બરાબર થવાવાળી ટીકટીકના દ્વારા જ કાલનું જ્ઞાન થાય છે. સંગીતમાં તાલને માપવાનું માધ્યમ ઘનવાદ્ય અને સાધન તાલ છે. તાલનો એક આર્વતનનો સમય,સ્થાઈ અથવા વિભિન્ન વિભાગો પર માત્રાઓનો સમય આ બધું કાલના અંતર્ગત આવે છે.

કાલ નિર્ણય માટે પ્રાચીન શાસ્ત્રકારો એ ક્ષણ,લવ,કાષ્ઠા વગેરેનો આધાર લીધો છે.

उपर्युरि विनस्य पद्मपत्राशतं सकृत् ।
यः कलः सूचिसंभेदात् क्षणः स परिकीर्तितः ।।
लवः क्षणैरष्टभिः स्यात् कष्ठाहयाष्टलवात्मिका ।
अष्टौ काष्ठाःनिमेषः स्यात् निमेषैरष्टभिः कला ।
कलाभ्यां च चतुर्भागः चतुर्भागावणुद्रुतम् ।।
अणुद्रुताभ्यां विन्दः स्याद्बिन्दुभ्यां च लघुर्भवेत् ।
लघुद्वन्दं गुरुश्चैकः त्रिलघु प्लुत उच्यते ।।(૩)

૧૦૦ કમળ પ્રત્રોને એકના ઉપર એક મુકીને એક સોયથી તેમાં છેદ કરવાથી જે સમય લાગે છે. તેજ 'ક્ષણ' છે. તથા...

| | | |
|---|---|---|
| ૮ ક્ષણ | = | ૧ લવ |
| ૮ લવ | = | ૧ કાષ્ઠા |
| ૮ કાષ્ઠા | = | ૧ નિમૈષ |
| ૮ નિમૈષ | = | ૧ કલા |
| ૮ કલા | = | ૧ ત્રુટી અથવા અણુદ્રુત |
| ૨ ત્રુટી અથવા અણુદ્રુત | = | ૧ દ્રુત |
| ૨ દ્રુત | = | ૧ લઘુ |
| ૨ લઘુ | = | ૧ ગુરૂ |
| ૩ લઘુ | = | ૧ પ્લુત |

પરંતુ શ્રી. કે. હી. એસ. એમ. ગિરમાજી રાવ એ પોતાના તેલુગુ ગ્રંથ ''આન્ધ્ર સંગીત શાસ્ત્રમ્'' માં પ્રાચીન કાલના બે ભેદોનો ઉલ્લેખ કર્યો છે.

૧.શુક્ષ્મકાલ ૨.સ્થૂલકાલ

ક્ષણ,લવ,કાષ્ઠા,નિમૈષ,કલા તથા ચતુર્ભાગ આ ૬ સમય ખંડોને સુક્ષ્મકાલ તથા અણુદ્રુત, દ્રુત, લઘુ,ગુરૂ,પ્લુત તથા કાકપદને સ્થૂલકાલ કહેવામાં આવે છે. આવ્યો છે. (૪)

શ્રી.કે.વાસુદેવ શાસ્ત્રીના લેખિત 'ઉદ્ધારણ' માં ''ત્રુટિ'' ને જ અણુદ્રુત માનવામાં આવ્યું છે. પરંતુ ભાતખંડેજી રચિત ગીતોમાં ત્રુટી તથા અણુદ્રુતની વચ્ચે બિંદુનું સ્થાન નિરૂપણ કરવામાં આવે છે. તથા તે જ અનુસાર ગિરમાજીરાવ દ્વારા ચતુર્ભાગનો ઉલ્લેખ છે. તેથી પ્રમાણિત થાય છે કે વાસુદેવ શાસ્ત્રી દ્વારા ત્રુટિ ને જ અણુદ્રુત માનવું ઉચિત નથી પરંતુ કાલ ક્રમ આ પ્રકારે થશે.

| | | |
|---|---|---|
| ૮ ક્ષણ | = | ૧ લવ |
| ૮ લવ | = | ૧ કાષ્ઠા |

| | | |
|---|---|---|
| ૮ કાષ્ઠા | = | ૧ નિમૈષ |
| ૮ નિમૈષ | = | ૧ કલા |
| ૨ કલા | = | ૧ ત્રુટી,ચર્તુભાગ અથવા બિંદુ |
| ૨ ત્રુટી,ચર્તુભાગ અથવા બિંદુ | = | ૧ અણુદ્રુત |
| ૨ અણુદ્રુત | = | ૧ દ્રુત |
| ૨ દ્રુત | = | ૧ લઘુ |
| ૨ લઘુ | = | ૧ ગુરૂ |
| ૩ લઘુ | = | ૧ પ્લુત |
| ૪ લઘુ | = | ૧ કાકપદ |

પરંતુ સુક્ષ્મકાલ અને સ્થુલકાલ ખંડોની પરિકલ્પના કરતા તેમાંથી અણુદ્રુત ૧/૪ માત્રા (ચૌથાઈ), દ્રુતની અડધી માત્રા ૧/૨ લઘુને એક માત્રા,ગુરૂને બે માત્રા તથા પ્લુતને ત્રણ માત્રાઓની બરાબર માનવામાં આવે છે.

एक मात्र लघुः ; मात्रद्वयं गुरुः ; मात्रात्रयं प्लुतः ; ।
मात्रार्धं द्रुत इति। अनुद्रुतादयोऽपि भेदाः कैश्चिदुक्ताः ।(५)

ઉપરોક્ત ક્રમને ચાર ગુણા કરવાથી આ પ્રમાણે થશે.

| | | |
|---|---|---|
| અણુદ્રુત | = | ૧ માત્રા |
| દ્રુત | = | ૨ માત્રા |
| લઘુ | = | ૪ માત્રા |
| ગુરૂ | = | ૮ માત્રા |
| પ્લુત | = | ૧૨ માત્રા |
| કાકપદ | = | ૧૬ માત્રા |

# માર્ગ

માર્ગનો વ્યવહારિક અર્થ 'પથ' કોઈપણ નિર્દિષ્ટ માર્ગ પર ચાલવું અર્થાત્ તાલમાં કોઈપણ નિર્દિષ્ટ વિધિના અનુંસાર કાલ પ્રમાણેનો પ્રયોગ કરવો જે માર્ગ છે.

પ્રાચીન ભારતીય સંગીતમાં 'ગુરૂ' કાલ પ્રમાણોની 'કલા' માનવામાં આવે છે. અને કલાની ત્રણ વિશિષ્ટ વિધિના પ્રયોગને માર્ગ કહેવામાં આવે છે. નાટયશાસ્ત્ર (૩૧માં અધ્યાયમાં) ચિત્ર, વૃત્ત (વાર્તિક) અને દક્ષિણ નામના ત્રણ માર્ગનું વર્ણન છે. જેમના અનુસાર 'કલા' અર્થાત્ 'ગુરૂ' નો વ્યવહાર ચિત્ર માર્ગમાં બે માત્રા વાર્તિકમાર્ગમાં ચાર માત્રા-દક્ષિણ માર્ગમાં આઠ માત્રા ના રૂપમાં કરવામાં આવ્યો છે.(૬)

સંગીત રત્નાકરમાં પંચમતાલાધ્યાય શ્લોક-૧૦મો 'ધ્રુવ'-નામક એક માર્ગના ઉલ્લેખ કરવામાં આવ્યો છે.જેમાં કલાની માત્રા એક બતાવવામાં આવી છે.(૭) ધ્રુવ નામક માર્ગનો પ્રયોગ સાધારણતઃ થતો નથી. કેટલાક વિદ્વાનોએ આ માર્ગને માન્યતા આપી નથી. ચિત્ર, વાર્તિક અને દક્ષિણ માર્ગોને ક્રમશઃ સિપ્તતા અથવા દ્રુત ગતિ,મધ્યમ ગતિ અને વિલંબિત ગતિના અનુસાર માનવામાં આવે છે. આ ત્રણ ગતિઓના ગતિભેદના અનુસાર નવ પ્રકાર માનવામાં આવે છે. જેનાં નામ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧.દ્રુત-દ્રુત | ૨.દ્રુત-મધ્ય | ૩.દ્રુત-વિલંબિત |
| ૧.મધ્ય-દ્રુત | ૨.મધ્ય-મધ્ય | ૩.મધ્ય-વિલંબિત |
| ૧.વિલંબિત-દ્રુત | ૨.વિલંબિત-મધ્ય | ૩.વિલંબિત-વિલંબિત |

ધ્રુવ માર્ગને કેટલાક શાસ્ત્રકારો ચિત્રતર પણ કહે છે. અને ચિત્ર માર્ગના વિભિન્ન ભેદોના અનુસાર ૬ નો ઉલ્લેખ કર્યો છે. જેમાં

૧.અતિ-ચિત્રતમ ૨.ચિત્રતમ ૩.ચિત્રતર ૪.ચિત્ર ૫.વાર્તિક ૬. દક્ષિણ

ભા.તા.શા.વિ. પુસ્તકના પૃ. ૨૬૨ અનુસાર ''આન્ધ્રસંગીત શાસ્ત્રમ્'' ના પૃ.૧૩૮ પર ઉલ્લેખ છે કે દક્ષિણ, વાર્તિક અને ચિત્ર આ ત્રણે માર્ગનો પ્રયોગ ''મનોધર્મ ગાન'' હેતુ માટે થાય છે. તથા ચિત્રતર,ચિત્રતમ, તથા અતિ-ચિત્રતમ માર્ગોનો પ્રયોગ કૃતિ,કીર્તન વગેરે પ્રબંધ ગાનમાં થાય છે. કૃતિ,કીર્તન વગેરે પ્રબંધની રચના કરી તેને વિભિન્ન તાલોમાં નિબધ્ધ કરવા માટે આ માર્ગોનો ઉપયોગ થાય છે. આધુનિક યુગની તાલ પધ્ધતિ માં 'માર્ગ' નો ઉપયોગ થતો નથી.

# ક્રિયા

ક્રિયાનો વ્યવહાર તાલની પ્રત્યક્ષ અભિવ્યક્તિ માટે કરવામાં આવે છે. હાથથી તાલ પ્રદર્શિત કરવાની રીતને ક્રિયા કહેવામાં આવે છે. ક્રિયા જ તાલ અથવા કાલ છે. અભિનવ ગુપ્તે પોતાના ગ્રંથ અભિનવ ભારતીમાં ક્રિયાનું વિવેચન કરતાં કહયુ છે કે...

**यद् घनं नाम वाद्यमातोद्यं प्रोक्तमुद्दिष्टं तस्य तालेन**
**भाविनाशम्यादिशब्दावापादिनिः शब्दत्क्रियाविशिषेणयोगे**
**सति यः कालः – परिच्छित्यात्मककालखण्डः त्क्रियारुपो**
**द्रव्यात्मा स एव गीतत्क्रियाप्रमाण परिच्छेदोपायः।** (૮)

(અભિનવ ભારતી પૃ.-૧૫૧)

અર્થાત્ સશબ્દ અને નિઃશબ્દ ક્રિયા વિશેષના યોગથી બનવાવાળો તાલ જ કાલનો વિભાજક છે, ક્રિયારૂપ છે અને દ્રવ્યાત્મા છે. તેજ ગતિની ક્રિયાના કાલને માપવાનું સાધન છે. જેમાં ક્રિયા જ મહત્ત્વપુર્ણ છે. કારણકે ક્રિયાના વગર તાલનું અસ્તિત્વ જ નથી.

ઉપરોક્ત વર્ણન ભરતનાટયશાસ્ત્રના ૩૧માં અધ્યાય શ્લો-૧માં જોવા મળે છે.

૧.સશબ્દ ક્રિયા - તાલમાં તાલી આપીને દર્શાવવામાં આવે તેને અથવા ધ્વનિ યુક્ત ક્રિયાને સશબ્દ ક્રિયા કહે છે.

૨.નિ:શબ્દ ક્રિયા - ખાલી બતાવવી અથવા ધ્વનિ રહીત ક્રિયાને નિ:શબ્દ ક્રિયા કહે છે.

ઉપરોક્ત બંને ક્રિયાનો ઉલ્લેખ સંગીત રત્નાકરમાં પંચમતાલાધ્યાયમાં ચોથા શ્લોકમાં કરવામાં આવ્યો છે.

સશબ્દક્રિયા ચાર છે. જેનો ઉલ્લેખ પણ સંગીતરત્નાકરમાં પંચમતાલાધ્યાયના નવમાં શ્લોકમાં કરવામાં આવ્યો છે. જેના અનુસાર...

| | | | |
|---|---|---|---|
| ૧. | ધ્રુવા | - | ચુટકી વગાડવાને ધ્રુવા કહેવામાં આવે છે. |
| ૨. | શમ્યા અથવા શમ્પા | - | જમણા હાથને ડાબા હાથ પર આઘાત કરવો તેને શમ્યા કહે છે. |
| ૩. | તાલ | - | ડાબા હાથથી જમણા હાથ પર આઘાત કરવો તેને તાલ કહે છે. |
| ૪. | સંનિપાત | - | બંને હાથના સંયોગથી પરસ્પર આઘાત કરવો તેને સંનિપાત કહે છે. |

નિ:શબ્દક્રિયાના પણ ચાર ભેદ છે. જેનો ઉલ્લેખ પણ સંગીત રત્નાકરના પંચમતાલાધ્યાયના સાતમાં શ્લોકમાં તથા આઠમાં શ્લોકમાં જોવા મળે છે. જે અનુસાર ...

| | | | |
|---|---|---|---|
| ૧. | આવાપ | - | હાથ ને ઉપર કરીને આંગળીયો બંધ કરવી તેને આવાપ કહે છે. |
| ૨. | નિષ્કામ | - | હાથને નીચે કરીને આંગળીયો ખોલવી તેને નિષ્કામ ક્રિયા કહે છે. |
| ૩. | વિક્ષેપ | - | હથેળી ઉપર ઉઠાવી આંગળીયો ફેલાવીને જમણા હાથ ઉપર લઈ જવી તેને વિક્ષેપ કહે છે. |
| ૪. | પ્રવેશ | - | હથેળી નીચે કરીને આંગળીયોને બંધ કરવાની ક્રિયાને પ્રવેશ કહે છે. |

વર્તમાન ભારતીય સંગીતમાં તાલોની સશબ્દ ક્રિયા અને નિ:શબ્દ ક્રિયાની પ્રત્યેક ક્રિયાઓ પ્રચલિત છે. સશબ્દ ક્રિયાના રૂપમાં જમણા અથવા ડાબા હાથથી આઘાત કરતાં 'તાલી' આપવાને

સશબ્દક્રિયા અને નિ:શબ્દ ક્રિયાના રૂપમાં કોઈપણ હાથને ફક્ત ઈશારો કરીને ખાલી બતાવવાની પ્રથા છે. તેને નિ:શબ્દ ક્રિયા કહેવામાં આવે છે.

કર્ણાટકી તાલોમાં તેના પ્રત્યેક અંગ અનુસાર ફક્ત તાલી અને હિન્દુસ્તાની સંગીતમાં નિર્દિષ્ટ નિયમોનુંસાર પ્રત્યેક તાલખંડના પ્રારંભમાં તાલી અથવા ખાલીની ક્રિયા કરી તાલનું પ્રદર્શન કરવામાં આવે છે.

# અંગ

અંગ શબ્દનું તાત્પર્ય વિભાગ અથવા ખંડથી છે. જે પ્રમાણે શરીર કેટલાયે અંગોથી મળીને બન્યુ' છે. તેજ રીતે સંગીતમાં કોઈપણ તાલની રચના વિભિન્ન ખંડના પ્રયોગથી બનાવવામાં આવે છે. આ તાલ ખંડોને ક્રિયાઓ દ્વારા માપવા માટે વિભિન્ન કાલ પ્રમાણોની કલ્પના કરવામાં આવી છે. તેથી ક્રિયાઓ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવતા તાલખંડોના કાલ પ્રમાણ એજ 'અંગ' છે.

તેથી ક્રિયાઓ પ્રાચીન માર્ગ તાલોમાં લઘુ,ગુરૂ અને પ્લુત આ ત્રણ અંગોનો વ્યવહાર થતો હતો. દેશી તાલોમાં અણુદ્રુત; વિરામ; દ્રુત; લઘુ તથા પ્લુત આ પાંચ અંગોનો વ્યવહાર થતો હતો. વર્તમાન કર્ણટકી સંગીતના તાલોમાં આ પાંચ અંગો સિવાય કાકપદ નામક એક અન્ય અંગનો વ્યવહાર થાય છે. ત્યાં મુખ્ય છ અંગોનો પ્રચાર જોવા મળે છે.

આ છ અંગોમાંથી 'દ્રુત' ની સાથે તેનો અડધો ભાગ મીલાવીને 'દ્રુતવિરામ' અને લઘુની સાથે તેનો અડધો અથવા ચૌથાઈ ભાગને મીલાવીને 'લઘુવિરામ'. અંગોની પણ પરિકલ્પના કરવામાં કાલપ્રમાણ સહિતનું વિવરણ નીચે મુજબ છે.

| અંગ | સાંકેતિક ચિન્હ | કાલપ્રમાણ |
|---|---|---|
| ૧.અણુદ્રુત | ◡ | એક અક્ષરકાલ |
| ૨.દ્રુત | o | બે અક્ષરકાલ |
| ૩.દ્રુતવિરામ | ઠ઼ | ત્રણ અક્ષરકાલ |
| ૪.લઘુ | I | ચાર અક્ષરકાલ |
| ૫.લઘુવિરામ | İ | પાંચ(છ) અક્ષરકાલ |
| ૬.ગુરુ | Ś | આઠ અક્ષરકાલ |
| ૭.પ્લુત | S | બાર અક્ષરકાલ |
| ૮.કાકપદ | + | સોળ અક્ષરકાલ[૯] |

વર્તમાન કર્ણાટકી સંગીતના તાલોને લેખિતરૂપમાં અભિવ્યક્ત કરવા માટે પ્રત્યેક તાલમાં અંગોના ચિન્હોને ક્રમશઃ દર્શાવવામાં આવે છે.

આધુનિક હિન્દુસ્તાની સંગીતમાં અંગોના સાંકેતિક ચિન્હોના સ્થાન પર પ્રત્યેક તાલનાં વિભાગોને ઉભી રેખાઓથી અલગ-અલગ વિભાજીત કરીને પ્રત્યેક વિભાગની પ્રારંભિક માત્રાની નીચે તાલી અથવા ખાલી દર્શાવવામાં આવે છે. તેને સમ અર્થાત્ પ્રથમ તાલી માટે ગુણાકાર ચિન્હ(X) અથવા યોગ ચિન્હ(+) અથવા એક નો અંક (૧) તથા અન્ય તાલીઓ માટે પ્રત્યેક તાલીની ક્રમાનુસાર સંખ્યા અથવા વિભાગની પ્રારંભિક માત્રા લખવાની પ્રથા છે. ઉદા. ત્રિતાલ

| | | | |
|---|---|---|---|
| ૧ ૨ ૩ ૪ | ૫ ૬ ૭ ૮ | ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧૩ ૧૪ ૧૫ ૧૬ |
| ધા ધીં ધીં ધા | ધા ધીં ધીં ધા | ધા તીં તીં તા | તા ધીં ધીં ધા |
| X | ૨ | ૦ | ૩ |

અથવા

| | | | |
|---|---|---|---|
| ૧ ૨ ૩ ૪ | ૫ ૬ ૭ ૮ | ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧૩ ૧૪ ૧૫ ૧૬ |
| ધા ધી ધી ધા | ધા ધી ધી ધા | ધા તી તી તા | તા ધી ધી ધા |
| + | ૫ | ૦ | ૧૩ |

અથવા

| | | | |
|---|---|---|---|
| ૧ ૨ ૩ ૪ | ૫ ૬ ૭ ૮ | ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧૩ ૧૪ ૧૫ ૧૬ |
| ધા ધી ધી ધા | ધા ધી ધીં ધા | ધા તી તી તા | તા ધી ધી ધા |
| ૧ | ૫ | ૦ | ૧૩ |

# ગ્રહ

તાલ દેહમાં પાંચમાં પ્રાણનાં રૂપમાં ગ્રહનું નામ આવે છે. ગ્રહ શબ્દનો સામાન્ય અર્થ છે 'ગ્રહણ કરવું' અથવા 'પકડવું' . પરંતુ ગ્રહની મુખ્ય બાબત એ છે કે ગીત, વાદ્ય, નૃત્યની સાથે તાલની શરૂઆત ક્યારે થાય છે. અર્થાત્ તાલ અને ગીત સાથે-સાથે શરૂ થાય છે અથવા આગળ-પાછળ. તે અનુસાર ગ્રહના બે પ્રકાર થશે. ૧.એકી સાથે શરૂ થવાથી 'સમ' અને ૨.આગળ-પાછળ શરૂ થવાથી 'વિષમ'. વિષમમાં પણ પહેલાં અને પછી એમ બે પ્રકારથી શરૂઆત થઈ શકે છે. તેથી તેના પણ બે ભેદ પાડવામાં આવ્યા છે.

પં. સારંગદેવે 'એલા' પ્રબંધમાં વિષમ ગ્રહ કહીને ગ્રહના ત્રણ પ્રકાર બતાવ્યા છે.

**ग्रहस्तु विषमो भवेत् ।** (10)

જેને સ્પષ્ટ કરતા કલ્લીનાથે કહયું છે કે ...

**'विषमः समादन्यः ; अतीतानागतयोरेकतर इत्यर्थः ।** (10)

(સં.ર.)

અર્થાત્ વિષમ એટલે 'સમ'ના સિવાય અતીત-અનાગતમાંથી કોઈપણ ગ્રહ વાગ્યકારે સ્વેચ્છાએ પ્રયોગ કરવો જોઈએ તેથી ગ્રહના ત્રણ પ્રકાર કહેવામાં આવ્યા છે.

'સમગ્રહ - અતીતગ્રહ - અનાગત ગ્રહ'

**समोऽतीतोऽनागतश्चय ग्रहस्ताले त्रिधा मतः ।** (11)

(સં.ર. ૫/૫૦)

પં. ભરતમુનિએ નાટયશાસ્ત્રના ૩૧માં અધ્યાયના ૭૭૩માં શ્લોકમાં અને દત્તિલે પોતાના ગ્રંથ 'દત્તિલકોહલ'માં પૃ.૧૫૨ -૫૨ ગ્રહના સ્થાન પર 'પાણિ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અને પાણિ ત્રણ પ્રકારના છે.

'સમપાણિ - અવપાણિ - ઉપરિપાણિ'

તથા સંગીત રત્નાકરમાં ત્રણ પાણિના સમકક્ષ ત્રણ ગ્રહોના લક્ષણ આપવામાં આવ્યા છે...

**गीतादिसमकालस्तु समपाणिः समग्रहः ।**

**सोऽवपाणिरतीतः स्याद्यो गीतादौ प्रवर्त्तते ।।**

**अनागतः प्राक्प्रवृत्तग्रहस्तूपरिपाणिकः ।** (11)

(સં.ર. - ૫/૫૧-૫૨)

અર્થાત્ ગીત વગેરે સમથી શરૂ થતા હોય તો તેને સમપાણિ અથવા સમગ્રહ કહે છે, ગીત પછી તાલ શરૂ થાય તેને અવપાણિ અથવા અતીત ગ્રહ કહે છે, અને ગીત પહેલા તાલ શરૂ થાય તેને ઉપરિ પાણિ અથવા અનાગત ગ્રહ કહે છે. તથા ગ્રહને લય સાથે પણ જોડવામાં આવ્યો છે. અવપાણિ (અતીત)ના સંબંધમાં ભરત મુનિએ કહયુ છે કે...

**सोडवपाणिस्तु विज्ञेयस्तज्ज्ञैद्रुतलयाश्रित :**(११)

(નાટ્યશાસ્ત્ર - ૩૧/૩૭૭)

તેમના મતાનુંસાર ઉપરિપાણિ (અનાગત)માં વિલંબિત લય અને અવપાણિ (અતીત)માં દ્રુત લયનો પ્રયોગ થાય છે.

સંગીત રત્નાકરમાં પણ સમ-અતીત-અનાગત ગ્રહોને મધ્ય,દ્રુત અને વિલંબિત લયમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. ભરત મુનિ,દત્તિલ, અભિનવ ગુપ્ત, સારંગદેવ, સિંહભૂપાલ, કલ્લિનાથ બધા સંગીતજ્ઞોએ તાલની સાથે ગીત અને વાદ્યના ગ્રહણને ગ્રહ અથવા પાણિ કહયુ છે. સંગીત રત્નાકરમાં ઉલ્લેખ છે કે જે ગ્રહથી પ્રારંભ થતો હતો તે જ ગ્રહ ઉપર સમાપ્ત પણ કરતા હતા. તેને અનુલક્ષીને સમગ્રહ પર સમાપ્ત થવાથી 'સમાવર્તન', અતીત ગ્રહ પર સમાપન થવાથી 'અધિકાવર્તન' અને અનાગત ગ્રહ પર સમાપ્ત થવાથી 'હીનાવર્તન' કહેતા હતાં.

એક વાત અહી સ્પષ્ટ કરુ તો ડો.અરૂણકુમાર સેને પોતાની પુસ્તક 'ભારતીય તાલોકા શાસ્ત્રીય વિવેચન'માં પૃ. ૨૭૨ પર લખ્યુ છે કે ''પ્રાચીન પુસ્તકોમાં તાલોની વિવેચનામાં સમસ્થાનનો ઉલ્લેખ નથી.પરંતુ આ વાત સત્ય છે કે પ્રાચીન સમગ્રહથી જ આજના 'સમ' શબ્દનો ઉદ્‌ભવ થયો છે.

આધુનિક સંગીતમાં 'સમ' લયનું તે કેન્દ્ર સ્થાન છે. જયાં બધાં સાંગીતિક તત્ત્વોનો સમન્વય થાય છે. આનંદનું ચરમતત્ત્વ 'સમ' માં છુપાયેલું છે. જે કુશળ ગાયક,વાદક, કે નૃત્યકારની પ્રત્યક્ષ ક્રિયાનો આધાર લઈને હજારો ધારાઓમાં સ્ફુરીત થાય છે. સંગીતના આ ત્રિવેણી સંગમે ભારતીય સંગીત વ્યવસ્થાને અન્ય સંગીત વ્યવસ્થાની તુલનામાં અત્યંત શ્રેષ્ઠ તથા ઉચ્ચતમ સ્થાન પ્રદાન કર્યું છે.

સાથે વિશ્વસંગીત પ્રેમીજનોના હૃદયને આનંદની ચરમસીમાની સ્મૃતિ કરાવે છે.

હવે પાછા ગ્રહ ઉપર આવીએ તો એક વાત અહી સ્પષ્ટ કરવી જરૂરી છે કે સંગીત દર્પણ તા.પૃ.૧૨ પર વિષમગ્રહનો સ્વતંત્ર રૂપથી ઉલ્લેખ કરીને તાલના ચાર ગ્રહ પ્રકાર બતાવ્યા છે.

૧.સમ અથવા તાલ

૨. અતીત અથવા વિતાલ

૩.અનાગત અથવા અનુતાલ

૪. વિષમ અથવા પ્રતિતાલ

વિષમ ગ્રહની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યુ છે કે તાલનું તે સ્થાન કે જ્યાંથી સંગીતનો પ્રારંભ થાય અને અંત અનિયમિત થાય તો તેને વિષમગ્રહ કહે છે. તથા સમ અને વિષમ શબ્દનો પ્રયોગ સંગીતમાં અન્ય તથ્યોની અભિવ્યક્તિના માટે પણ થાય છે. જેમ કે સમ-વિષમ-છન્દ,સમ-વિષમ-ગતિ, સમ-વિષમ-જાતિ, સમ-વિષમ-પદ, સમ-વિષમ-માત્રા,ખંડ વગેરે.

પં. રાતંજનકરના મતાનુંસાર 'સમ' 'અતીત' અને 'અનાગત'નો આજે પ્રયોગ થાય છે. તેજ પ્રમાણે પ્રાચીન સંગીતમાં પણ થતો હતો. સંગીત રત્નાકરમાં પ્રબંધ અધ્યાયના 'એલા' નામક પ્રબંધ ગીતની આલોચનામાં કહેવામાં આવ્યું છે કે વિષમ એક 'અનિયમ' હોવા છતા પણ કૌશલ પૂર્ણ 'નિયમ' હતો. સમગ્રહના ઘણાં નામો પ્રચારમાં હતા. જેવા કે સમપાણિ, સમતાલ, સતાલ આ પ્રમાણે અનાગત ગ્રહના અવપાણિ, પ્રતિતાલ, અતાલ અથવા આગત-સમ અતીતગ્રહ એટલે ઉપરિપાણ, વિતાલ અથવા વિગતસમ.

આપણા પ્રાચીન ગ્રંથો તથા સંગીતજ્ઞોએ ગ્રહ વિષે અનેક ગણું દર્શાવ્યું છે. પરંતુ ગ્રહ વિશે ટૂંકમાં કહુંતો સમગ્રહ અર્થાત્ ગીત અને તાલનો પ્રારંભ સમાનરૂપથી એક સાથે થાય ત્યારે તેને સમગ્રહ અને એકી સાથે ન થતા અર્થાત્ આગળ-પાછળ થાય તેને વિષમગ્રહ કહે છે. તથા વિષમગ્રહના બે ઉપભેદ ૧.અતીતગ્રહ એટલે ગીતના પ્રારંભ થયા પછી તાલ શરૂ થાય તેને અતીત ગ્રહ કહે છે. ૨. અનાગત ગ્રહ એટલે ગીતના આરંભ પહેલા તાલ શરૂ થાય તેને અનાગત ગ્રહ કહે છે.

# જાતિ

જાતિનો સામાન્ય અર્થ શ્રેણી અથવા વર્ગ થાય છે. તાલના સંદર્ભમાં જાતિનો અર્થ તાલના એક વિશેષવર્ગથી છે. પ્રાચીન ગ્રંથ સંગીત રત્નાકરના પંચમતાલાધ્યાય તથા નાટયશાસ્ત્રનાં એકત્રીસમાં અધ્યાયમાં પ્રાચીન માર્ગ તાલોમાં ત્રીશ્ર તથા ચતુશ્ર નામક બે વર્ગનો ઉલ્લેખ જોવા મળે છે.

**चतुरश्र स्तथा त्र्यश्र इति तालो द्विधा मतः ।।१७।।** (૧૨)

(સં.ર. પંચમતાલધ્યાય શ્લો.-૧૭)

નાટયશાસ્ત્રમાં ૩૧માં અધ્યાયનના ૮માં શ્લોકમાં ભારતમુની વર્ણન કરતા કહે છે કે...

**चतुरश्रस्तु विज्ञेयस्तालश्च च्चत्पुटो बुधैः ।**

**त्र्यश्रश्चाचपुटः प्रोक्तो गुरुलध्वक्षरान्वितः ।।**(૧૩)

ભરત મુનીએ તાલના મુખ્ય બે ભેદ માની તેમના માટે નિશ્ચિત કરેલા બે તાલોનું પણ વર્ણન કર્યુ છે.

| ભેદ | તાલ |
|---|---|
| ૧.ચતુર્શ્ર | ચચ્ચત્પુટ |
| ૨.ત્રીશ્ર | ચાચપુટ |

ઉપરોક્ત શ્લોકમાં 'અશ્ર'નો અર્થ ખૂણાવાળા એવો થાય છે. તેથી કહી શકાય કે ચતુશ્ર એટલે ચાર ખૂણાવાળો અને ત્રીશ્ર એટલે ત્રણ ખૂણાવાળો, આમ ચારની સંખ્યાને 'સમ' અને ત્રણની સંખ્યાને 'વિષમ' અર્થાત્ જે તાલમાં ૪ પદ ભાગ હોય તે ચતુશ્ર અને ૬,૧૨,૨૪ પદ ભાગ હોય તે ત્રીશ્ર શ્રેણીના તાલ કહેવાય.

સંગીત રત્નાકરમાં દેશી-શાસ્ત્રીય તાલોની પાંચ જાતિનો અત્યંત સંક્ષિપ્ત ઉલ્લેખ છે. તથા તેમનો અર્થ પણ સ્પષ્ટ થતો નથી. ફક્ત ઉલ્લેખ છે. ચતુશ્ર અને ત્રીશ્રને મીલાવીને મીશ્ર જાતિનું વર્ણન જોવા મળે છે. તેનો 'તટપિતાપુત્રક:' નામનો તાલ પણ દર્શાવ્યો છે. રત્નાકરનાં ટીકાકાર કલ્લિનાથે દેશીતાલોના સંદર્ભમાં ચતુશ્ર,ત્રીશ્ર,ખંડ,અને સંકીર્ણ આ ચાર ભેદોનો ઉલ્લેખ કર્યો છે.

વર્તમાન દક્ષિણ ભારતીય સંગીતના તાલોમાં જાતિશબ્દનો પ્રયોગ લઘુના નિયત અક્ષરકાલના અર્થમાં કરવામાં આવે છે. ત્યાં ધ્રુવ,મઠ,રુપક વગેરે તાલોમાંથી પ્રત્યેકની ચતુશ્ર, ત્રીશ્ર, ખંડ,અને સંકીર્ણ આમ પાંચ જાતિઓ માનવામાં આવે છે. પ્રત્યેક જાતીમાં લઘુનો પ્રયોગ નિયત અક્ષરકાલના અનુસાર જ માનવામાં આવે છે. લઘુનો અક્ષરકાલ ચતુશ્ર માટે ૪,ત્રીશ્ર-૩, ખંડ-૫, મીશ્ર-૭, સંકીર્ણ-૯ નિયત કરેલો છે. હિન્દુસ્તાની ભારતીય સંગીતમાં તાલોમાં તાલખંડ અને તેના વજનથી બનવાવાળી 'છંદ ગતિ'નું વધારે મહત્ત્વ છે. હિન્દુસ્તાની સંગીતમાં જાતિનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

<u>જાતિના નામ</u> — <u>લય પ્રકાર</u>

- ત્રીશ્ર જાતિ -આ જાતિમાં પૌણી,દોઢગણી,તીગુની,છહગુની વગેરે લયના તાલોના સમાવેશ થાય છે.
- ચતુશ્ર જાતિ -આ જાતિમાં ઠાહ,દુગની,ચૌગુની,આઠગુની વગેરે લયના તાલોનો સમાવેશ થાય છે.
- મીશ્ર જાતિ -ચતુશ્ર અને ત્રીશ્ર જાતિના મિશ્રણથી મીશ્રજાતિનો ઉદ્ભવ થાય છે. અર્થાત્ ૪(ચતુશ્ર) +૩(ત્રીશ્ર)=૭(મીશ્ર) આ જાતિમાં પૌણી દુગુની, સાળાતીનગુની, સાતગુની, ચૌદગુની વગેરેલયના તાલોનો સમાવેશ થાય છે.
- ખંડજાતિ -ત્રીશ્ર અને મીશ્ર જાતિનું મીશ્રણ કરી તેને ઘાત(ખંડીત) કરવાથી ખંડ જાતિ બને છે. અર્થાત્ ૩(ત્રીશ્ર)+૭(મીશ્ર)=૧૦/૨=૫ આજાતિમાં સવાઈ, દોઢી, પાંચગુની, દસગુની વગેરે લયના તાલોનો સમાવેશ થાય છે.
- સંકીર્ણ -ચતુશ્ર અને ખંડ જાતિનું મિશ્રણ કરવાથી અર્થાત્ ૪(ચતુશ્ર) + ૫(ખંડ) = ૯

(સંકીર્ણ) સંકીર્ણજાતિમાં સાડાચારગુની,નવગુની વગેરે લયનો સમાવેશ થાય છે. સંગીત દર્પણમાં ઉપરોક્ત પાંચ જાતિનું ક્રમશઃ વર્ણન ત્રીશ્ર-૩ માત્રા, ચતુશ્ર-૪ માત્રા, મીશ્ર-૭માત્રા, ખંડને-૫ માત્રા, સંકીર્ણ - ૯ માત્રાનો ઉલ્લેખ છે. સાથે સાથે ચતુશ્ર જાતિને બ્રાહ્મણ, ત્રીશ્ર ને ક્ષત્રિય, ખંડને વૈશ્ય,મિશ્રને- શુદ્ર અને સંકીર્ણને વર્ણશંકર કહેવામાં આવ્યુ છે.(૧૪)

સંગીત રત્નાકરમાં પ્રબંધ અધ્યાયમાં એલા નામક પ્રબંધ ગાયનની શુધ્ધ ગૌણલાના અંતગર્ત નાદાવતી, હંસાવતી,નંદાવતી,તથા ભદ્રાવતી નામની ચાર રીતિયોં નો ઉલ્લેખ છે. જેને ક્રમશઃ ચતુશ્ર-બ્રાહ્મણ,ત્રીશ્ર-ક્ષત્રિય, ખંડ-વૈશ્ય તથા મિશ્ર-શુદ્ર ઉદ્ભવ માનવામાં આવ્યો છે.

# કલા

કલા શબ્દ માટે ઘણું લખી શકાય તેમ છે. કલાનું વર્ણન પ્રથમ પ્રકરણમાં કરવામાં આવ્યુ છે. પરંતુ તાલના દશ પ્રાણમાં કલાનું સ્વરૂપ ફકત સંગીત માટે નીરૂપીત કરવામાં આવ્યું છે. જે અનુસાર મહાન પખાવજ વાદક સ્વામી પાગલદાસજીના મતાનુસાર શાસ્ત્રોમાં ચોસઠ કલાઓનું વર્ણન છે. જેમનો પ્રયોગ સંગીતમાં માત્ર ૮ નામોમાંથી કરવામાં આવે છે. ૧.ધ્રુવકા ૨.સર્પિણી ૩. કૃષ્ણા ૪. પદ્મિની ૫.વિસર્જિતા ૬. વિક્ષિપ્તા ૭. પતાકા ૮. પતિતા. આ આઠ કલાઓને દર્શાવવા માટે હાથને ડાબી,જમણી,નીચે,ઉપર તથા આંગળીઓને બંધ કરી વગેરેથી થાય છે.

સાચા અર્થમાં સંગીત એક મહાન કલા છે. તેનાથી જોડાયેલા માનવને કલાકાર કહીએ છીએ. કલાકાર જ્યારે પોતાના સ્વર, લય, તાલ, અંગભાવ,પાદાક્ષેપકર તથા અંગ વિન્યાસ વગેરે દ્વારા જન-મનોરંજન કરીને આધ્યાત્મિક બોધ સ્વયંમ તથા શ્રોતાઓને કરાવવામાં સફળ થાય છે. ત્યારે તેને આપણે તાલના ૭માં પ્રાણના રૂપમાં 'કલા' કહીએ છીએ.

કલાના માપદંડ માટે શાસ્ત્રકારોના મતાનુસાર સોંઈના અગ્રભાગથી કમળની ૧૦૦ પંખડીઓનું છેદન કરવા માટે જે સમય લાગે છે. તેને 'ક્ષણ' કહેવામાં આવે છે. આવી આઠ ક્ષણોથી એક 'લવ' બને છે. આઠ લવથી એક કાષ્ઠ અને આઠ કાષ્ઠથી એક 'નિમૈષ' તથા આઠ નિમૈષોથી એક 'કલા' બને છે. પછીથી બે કલાઓથી ત્રુટિ અથવા ચતુર્લિંગિ; બે ત્રુટિથી એક અણુ અને બે અણુથી એક દ્રુત. બે અણુથી એક દ્રુત, બે દ્રુતથી એક લઘુ બને છે. તે જ પ્રમાણે ગુરૂ, પ્લુત અને કાકપદ નિર્મિત થાય છે. અર્થાત્ કલાને માત્ર નિર્માણની ભૂમિકા સમજવી જોઈએ.

પ્રાચીન તાલોમાં કલા શબ્દનો પ્રયોગ વિભિન્ન અર્થોમાં થયો છે. નિ:શબ્દ ક્રિયાઓને કલા કહેતા હતા.

**निःशब्दाशब्दयुक्ता च निःशब्द तु कलोच्यते ।।४।।**(૧૫)

(સં.ર. પંચમતાલાધ્યાય)

સશબ્દ ક્રિયાઓને પાતઃકલા કહેવામાં આવે છે. કલાનો અર્થ તાલ ભાગ પણ છે. બે માત્રા અથવા ગુરૂને પણ કલા કહેવામાં આવે છે. જેનો ઉલ્લેખ સંગીતરત્નાકરમાં પંચમતાલાધ્યાય શ્લોક નં-૨૦માં છે. નાટયશાસ્ત્રમાં કલાનો ઉલ્લેખ મંદ અથવા વિલંબિત લયના અર્થમાં કરવામાં આવ્યો છે.

**''यस्तत्र मन्दोहथलयस्तुं प्रमाण कला भवेत्''।** (૧૫)

(ના.શા. કાશીસંસ્કરણ -૩૧-૩-૭)

પ્રાચીન કાળમાં 'કલા' ભેદના અનુસાર તાલોને વિલંબિત કરવાની પ્રથા હતી.

સંગીત રત્નાકરના પંચમતાલાધ્યાય શ્લોક નં-૧૮થી૨૪ માં કલા માટેના વિવેચનમાં જણાવ્યું છે કે...

તાલના અંગોને ગુણાકાર દ્વારા વધારીને તાલના સ્વરૂપનુંપરિવર્તન કરવું ચચ્ચત્પુટ,

ચાચપુટ, ષટાપિતાપુત્રક, સમ્પકવેષ્ટક અને ઉદ્ઘટ્ટ આ પાંચ માર્ગ તાલોના યથાક્ષર (એક કાલ) સ્વરૂપના અંગોને નિયમ અનુસાર દુગુનમાં વધારીને દ્વિકાલ, ચૌગુનમાં વધારીને ચતુષ્કલ, છ:ગુનમાં વધારીને ષટ્કલ, અઠગુણમાં વધારીને અષ્ઠકાલ તેજ પ્રમાણે દ્વાદશકાલ, ચતુર્વિશતિકાલ, અષ્ટચત્વારિશાકલ તથા પણ્ણવિતિકલ સુધી કલા વૃધ્ધિ કરતા કરતા વિભિન્ન તાલ સ્વરૂપોની પરીકલ્પના કરવામાં આવતી હતી. વર્તમાન તાલ પધ્ધતિમાં કલા વૃધ્ધિ દ્વારા તાલના રૂપવર્ધનની પ્રથા નથી.

તાલ પ્રકાશમાં કલાના વિશે વિવેચન કરતા સમજાવ્યુ છે કે કલા શબ્દનો અર્થ 'ભાગ' થાય છે. તેની અક્ષરકાલમાં એક જ સ્વર ગાવામાં આવેતો તેને એક કલા કહેશું; બે ગાવામાં આવેતો બે કલા વગેરે. જો એક અક્ષરકાલના ત્રણ ભાગ કરીને પ્રત્યેક ભાગ માટે એક-એક સ્વર ગાઈએ તો પ્રત્યેક ભાગ એક કલા કહેવાશે અને તે અક્ષરકાલને ત્રણ કલાવાળો કહેવાશે જેમ એક અક્ષરકાલમાં ત્રણ કલાઓના સમુહને ત્ર્યશ્રગતિ કહીશું, ચારકલાઓના સમુહને ચતુશ્રગતિ, પાંચકલાઓના સમુહને ખંડ ગતિ,સાતકલાઓના સમુહને મિશ્રગતિ અને નવકલાઓના સમુહને સંકીર્ણગતિ કહેવાશે.

## લય.

લય શબ્દનો સામાન્ય અર્થ છે લીન થઈ જવું અથવા વિશ્રાન્તિ. ચિત્તમાં થતા ભાવોની વિશ્રાન્તિને 'ચિત્તવૃતિ 'લય' કહેવામાં આવે છે. પાણીમાં થતા તરંગોને પાછા જળમાં લીન થવાને 'તરંગલય' કહે છે. આત્માની પરમાત્મામાં વિશ્રાન્તિને 'આત્માની લય' કહેવામાં આવે છે. તાલના સંદર્ભમાં પણ વિશ્રાન્તિનો અર્થ ગ્રહણ તો થાય છે. પરંતુ અલગ અલગ રીતથી ક્યારેક સંગીત ચાહક શ્રોતા પણ કહી ઉઠે છે કે કાર્યક્રમ દરમ્યાન હું વાદકની લયમાં ખોવાઈ ગયો હતો.

પરંતુ શાસ્ત્રોમાં લયની પરિભાષા આ પ્રમાણે છે....

**''क्रियानन्तर - विश्रान्तिर्लयः''**

(સંગીત રત્નાકર)

અર્થાત્ ક્રિયાના અંતમાં જે વિશ્રાન્તિ થાય છે. તેને લય કહેવામાં આવે છે. એવું પણ કહી શકાય કે એક ક્રિયા અને બીજી ક્રિયાની વચ્ચે સમય જ પ્રથમ ક્રિયાનો વિસ્તાર છે અને તે જ લય છે. વિસ્તાર ક્રિયા ઓછી અથવા વધારે થવાથી પણ લય વધશે તથા ઘટશે.

અમરકોષના અનુસાર....

**तालः कालक्रियामानं लयः साम्यमथस्त्रियाम् ।**

અર્થાત્ તાલમાં સમય અને ક્રિયાનો સમન્વય 'લય' છે.

પરંતુ જ્યારે એમ કહેવામાં આવે કે દ્રુત લયમાં ગાવ તો તેનો અર્થ એ છે કે ક્રિયાઓની વચ્ચે વિશ્રાન્તિ ઓછી થશે. અને જ્યારે વધારે વિશ્રાન્તિ હોયતો વિલંબિત લય કહીશું. વાસ્તવમાં ક્રિયા અને વિશ્રાન્તિ એકબીજાના પુરક છે. વિશ્રાન્તિના વગર ક્રિયાનું અસ્તિત્વ જ નથી તેથી નાટયશાસ્ત્રમાં ૩૧માં અધ્યાયમાં શ્લોક નં. પાંચમાં કહયું છે કે..

**''कलाया एव च लयंबिनानस्वरूपलाभो ।''**

ડો. અરૂણકુમાર સેને પોતાના પુસ્તક ભારતીય તાલોકા શાસ્ત્રીય વિવેચનમાં પૃષ્ઠનં ૨૮૧ પર લયની વ્યાખ્યા કરતા કહયુ છે કે 'વાસ્તવમાં ગતિને લય ન કહેતા ગતિની સમાનતાના રક્ષણકાર્યને લય કહેવું ઉચિત છે'. પરંતુ સંગીત કૌમુદીના પ્રથમભાગના પૃ.૧૩૫માં લયને સરળ રીતે સમજી શકાય તેવી રીતે વ્યાખ્યા કરી છે. અને હું એનો સ્વિકાર કરું છું તેઓના મત

મુજબ ''સંગીતમાં સમયની એક સમાનગતિને લય કહેવામાં આવે છે.''અને મારા મત પ્રમાણે ઉપરોક્ત વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય કે 'સ્વયં સાધારણ' સમયની એક સમાનગતિને લય કહીશું'

પ્રાચીનકાળથી જ લયના મુખ્ય ત્રણ પ્રકાર માનવામાં આવ્યા છે.

**क्रियानन्तरविश्रान्तिर्लयः स त्रिविधो मतः ।**

**द्रुतोमध्यो विलाम्बश्च द्रुतः शीघ्रतमो मतः ।।४४।।**

**दिगुरणाद्विगुणौ ज्ञेयौ तस्मान्मध्यविलम्बितौ ।**[१६]

(સં.ર.પંચમતાલાધ્યાય શ્લોક નં ૪૪)

અર્થાત્ તાલક્રિયાના પછી થવાવાળી વિશ્રાન્તિને લય કહેવામાં આવે છે. લયના ત્રણ પ્રકાર છે. ૧.દ્રુત ૨.મધ્ય ૩.વિલંબિત. દ્રુત શીઘ્રતમ છે. અર્થાત્ દ્રુતલયથી દુગુની વિશ્રાન્તિવાળી મધ્યલય અને મધ્યથી દુગુની વિશ્રાન્તિવાળી વિલંબિત લય થાય છે. આ પ્રમાણે ત્રણે લય એકબીજાથી પરસ્પર આશ્રિત છે.

પ્રાચીન શાસ્ત્રોમાં ઔઘ,અનુગત અને તત્ત્વ નામ પણ લય માટે ક્રમશઃ જોવા મળે છે. શાસ્ત્રોમાં એવું પણ વર્ણન છે કે વિલંબિત લયમાં - કરૂણ, મધ્યલયમાં - શાંત,હાસ્ય,શ્રૃંગાર અને દ્રુતલયમાં - રૌદ્ર; ભયાનક; બિભત્સ; વીર અને અદ્ભુત રસોની અભિવ્યક્તિ કરી શકાય છે. [૧૭]

ઉપર જોઈ ગયા પ્રમાણે દ્રુતલયની દુગુની વિશ્રાન્તિવાળી મધ્યલય; મધ્યલયની દુગુની વિશ્રાન્તિવાળી વિલંબિત લય કહી છે. પરંતુ અહી એક વાતને સ્પષ્ટ કરવી જરૂરી છે કે કોઈપણ ગાયક,વાદક કે નૃત્યકાર વિલંબિત,મધ્ય કે દ્રુત લય વિશે નિશ્ચિત પણે કહી શકતો નથી. જ્યાં સુધી તે કહી શકશે નહિ કે આ વિલંબિત, આ મધ્ય કે આ દ્રુતલય છે. ઉપરોક્ત પ્રાચીન શાસ્ત્રોનું કથન માત્ર સહારો છે. પરંતુ ગાયક, વાદક કે નૃત્યકાર પોતાની વિલંબિત, મધ્ય અને દ્રુત લય પોતે જ નક્કી કરશે. બીજી કોઈ વ્યક્તિ તે વાદકની લય વિશે કહી શકશે નહિં. પરંતુ સંગીતજ્ઞ પોતે જ નક્કી કરશે કે મારે કેટલી લયમાં ગાવું છે. તથા એક જ વાદકની જુદા-જુદા કાર્યક્રમોમાં વિલંબિત લય અલગ પણ હોઈ

શકે; ગાયક,વાદક કે નૃત્યકાર લયનો નિર્ણય પોતાની ગાયકી, રસભાવ,શૈલી,ક્ષમતા તથા બંદીશની સુંદરતા અને શુધ્ધતાનો ખ્યાલ રાખીને પોતાને કઈ લયમાં ગાવું, વગાડવુ કે નૃત્ય કરવું છે. તે નક્કી કરશે તેથી એવું કહી શકાય કે લય કઈ ગતિમાં સંભવે છે તેનો નિર્ણય ન તો પ્રાચીનકાળમાં સંભવ થયો અને નહિ ક્યારેય સંભવ થાય. શાસ્ત્રોમાંતો ફક્ત તેનો અંદાજ વ્યાખ્યા દ્વારા સ્પષ્ટ કરી શકાય.

કેટલાક વિદ્વાનો લયના પાંચ પ્રકાર માને છે.

૧.અતિવિલંબિત ૨ વિલંબિત ૩. મધ્ય ૪.દ્રુત લય ૫. અતિ દ્રુત લય.

ઉપરોક્ત સર્વે તથ્યો તથા વિદ્વાનોના મંતવ્યથી સારાંશ માત્ર એટલો છે કે ''ગતિ અથવા લય''ના વિભિન્ન પ્રકારોના વિશ્લેષણ કરી તેમનું નિશ્ચિત સંખ્યામાં નિરુપણ અસંભવ છે.

પરિવર્તનશીલ સંગીતકલામાં હજારો નવા પ્રકારો સમય-સમય પર જન્મયા. અને લોપ થતા રહયા તેથી 'ટેનીસન'નું કથન..

"Old order change the yielding place to new"

અર્થાત્ જે કાંઈ નવું છે તે જૂનાનું જ આધુનિકરણ માત્ર છે. ઉપરોક્ત કથન આ ક્ષેત્રમાં પણ સાર્થક થાય છે.

# યતિ

તાલના દશ પ્રાણ પૈકી યતિ નવમાં પ્રાણના રૂપમાં આવે છે. જેનું તાલવાદ્યમાં અગત્યનું મહત્ત્વ છે. યતિ માટે આપણા ભારતીય સંગીતના અધિષ્ઠાત્રી ગણાતા મુનિ ભરતે નાટયશાસ્ત્રનાં ૩૧માં અધ્યાયના ૩૭૨માં શ્લોકમાં જણાવ્યું છે કે...

**लय प्रवृत्त वर्णानामक्षचणाम थापि च ।**

**नियमो यो यतिः सा तु गीतवाद्यसमाश्रय ।।**[१८]

અર્થાત્ વર્ણો અને અક્ષરોનો લય દ્વારા ઉપલક્ષિત જે નિયમ છે. તે યતિ. યતિ ગીત અને વાદ્યને આશ્રિત છે.

પંડિત સારંગદેવ રત્નાકરના પંચમતાલાધ્યાયમાં ૪૬માં શ્લોકમાં...

**लय प्रवृत्तिनियमो यत्तिरित्यभिधीयते।।**

લયની પ્રવૃત્તિ અર્થાત્ લયના વિભિન્ન રૂપોમાં પ્રયોગના નિયમને યતિ કહેવામાં આવે છે. રત્નાકર અને નાટયશાસ્ત્રના અનુસાર યતિના ત્રણ પ્રકાર દર્શાવવામાં આવે છે.

૧. સમા યતિ

૨.સ્ત્રોતોગતા યતિ

૩.ગોપુચ્છાયતિ

ભરત મુનિએ ફકત નામ જ આપ્યા છે. જયારે સારંગદેવે તેના લક્ષણોની ચર્ચા પણ કરી છે. જે આ પ્રમાણે છે.

<u>૧. સમા યતિ</u>

**आदिमध्यावसानेषु लयैकत्वे समा त्रिधा ।।४७।।**

**लयत्रैधादादिमध्यावसानेषु यथाक्रमात् ।**

(સં.ર. પંચમતાલાધ્યાય શ્લોક. ૪૭/૪૮)

શરૂઆતથી અંત સુધી એક સરખી લય રહે તો તેને સમાયતિ કહે છે. દ્રુત,મધ્ય અને વિલંબિત લયના અનુસાર સમાયતિના ત્રણ પ્રકાર છે.

૧.શરૂથી મધ્ય અને અંત સુધી ત્રણેમાં દ્રુતલય પ્રયુક્ત થાય.

૨.શરૂથી મધ્ય અને અંત સુધી ત્રણેમાં મધ્યલય પ્રયુક્ત થાય.

૩.શરૂથી મધ્ય અને અંત સુધી ત્રણેમાં વિલંબિત લય પ્રયુક્ત થાય તેને સમાયતી કહે છે.

રેખાચિત્ર પ્રમાણે

------------------------

------------------------ ગતિ પ્રવાહ----->

------------------------

## ૨.સ્ત્રોતોગતા યતિ.

चिरमध्यद्रुतलय तदा स्त्रोत्तोगता मता ।।४८।।

अन्या विलम्बमध्याभ्यां मध्यद्रुतवत्ती परा ।।

(સં.ર.પંચમતાલાધ્યાય શ્લોક -૪૮/૪૯)


આ શબ્દનો અર્થ છે. 'સ્ત્રોત જેવી ગતિવાળી'. સ્ત્રોતની શરૂઆતમાં વિલંબિત હોય છે. અને જળ વધવાની સાથે તેની ગતિ દ્રુત થાય છે. આ પ્રમાણે યતિમાં ક્રમશ: લયની ગતિ વધતી જાય છે. સ્ત્રોતોગતા યતિ કહે છે. તેના ત્રણ પ્રકાર

૧.પ્રારંભમાં વિલંબિત વચ્ચે મધ્ય અને અંતમાં દ્રુતલય પ્રયુક્ત થાય.

૨.પ્રારંભમાં મધ્ય તથા પછી દ્રુતલય પ્રયુક્ત થાય.

૩.પ્રારંભમાં વિલંબિત તથા પછી મધ્યલય પ્રયુક્ત થાય. તેને સ્ત્રોતાગતા યતિ કહે છે.

રેખાચિત્ર પ્રમાણે



ગતિપ્રવાહ---->

## ૩.ગોપુચ્છાયતિ

द्रुतमध्यविलम्बैः स्यादगोपुच्छा द्रुत मध्यमात् ।।४९।।

द्वितीयान्या भवेन्मध्यविलम्बितलयान्वितो ।

(સં.ર.પંચમતાલાધ્યાય શ્લોક-૪૯/૫૦)


ગોપુચ્છાનો અર્થ થાય છે. 'ગાયની પુંછડીવાળો'. ગાયની પૂંછ પ્રારંભમાં પાતળી અને પછી ક્રમશઃ વિસ્તૃત થતી જાય છે. તે પ્રકારે જયારે લય શરૂથી અંત અને ક્રમશઃ તે જ ગતિથી મંદ ગતિના રૂપમાં વિસ્તૃત થાય ત્યારે તેને ગોપુચ્છા યતિ કહે છે. તેના ત્રણ પ્રકાર

૧.પ્રારંભમાં દ્રુત વચ્ચે મધ્ય અંતમાં વિલંબિત લય પ્રયુક્ત થાય.

૨.પ્રારંભમાં દ્રુત અને પછી મધ્યલય પ્રયુક્ત થાય.

૩.પ્રારંભમાં મધ્ય અને પછી વિલંબિત લય પ્રયુક્ત થાય ત્યારે ગોપુચ્છા યતિ બને છે.

રેખાચિત્ર પ્રમાણે




સમા, સ્ત્રોતાગતા અને ગોપુચ્છાયતિના સિવાય આપણા કેટલાક શાસ્ત્રકારોએ મૃદંગા અને પિપલિકા નામની અન્ય બે યતિનો ઉલ્લેખ પણ કર્યો છે.

## ૪.મૃદંગાયતિ

જે પ્રમાણે મૃદંગ વાદ્યની આકૃતિમાં બંને કિનારાના તથા વચ્ચેનો ભાગ વધારે વિસ્તૃત હોય છે. તે પ્રમાણે પ્રારંભ તથા અંતમાં તેજ તથા વચ્ચે અપેક્ષા યુક્ત મંદ ગતિની લયનો


વ્યવહાર થાય ત્યારે મૃદંગાયતિ બને છે. તેના ત્રણ ભેદ

૧.શરૂ તથા અંતમાં દ્રુત લય તથા વચ્ચે વિલંબિત થાય.

૨.શરૂ તથા અંતમાં દ્રુતલય અને વચ્ચે મધ્યલય પ્રયુક્ત થાય.

૩.શરૂ તથા અંતમાં મધ્ય અને વચ્ચે વિલંબિત લય પ્રયુક્ત થાય તેને મૃદંગાયતિ કહે છે.

રેખાચિત્ર પ્રમાણે



ગતિપ્રવાહ---->


## ૫. પિપીલિકા યતિ

જે પ્રકારે પિપીલિકા અર્થાત્ કીડીની શારીરિક બનાવટ શરૂથી અંતમાં પોહળી તથા વચ્ચે પાતળી હોય છે. તે પ્રકારે શરૂ અને અંતમાં મંદ ગતિ અને વચ્ચે તેજ ગતિવાળી લય પ્રયુક્ત થાય તેને પિપીલિકા કહે છે. તેના ત્રણ પ્રકાર

૧.પ્રારંભ અને અંતમાં વિલંબિત તથા વચ્ચે દ્રુતલય પ્રયુક્ત થાય.

૨.પ્રારંભ અને અંતમાં મધ્ય અને વચ્ચે દ્રુતલય પ્રયુક્ત થાય.

૩.પ્રારંભ અને અંતમાં વિલંબિત અને વચ્ચે મધ્યલય પ્રયુક્ત થાય. તેને પિપીલિકા કહે છે.



ગતિપ્રવાહ---->

ઉપરોક્ત યતિના પ્રયોગ આજે પણ પખાવજ,મૃદંગમ્ , તબલા જેવા અવનદ્ધ વાદ્યોમાં ઉત્તમ વાદકો દ્વારા વિવિધ લયકારીયોથી યુક્ત બંદિશોની વિશિષ્ટ રચનાઓના વાદનમાં યતિયોનો વિભિન્ન રૂપોમાં પ્રયોગ જોવા મળે છે.

# પ્રસ્તાર

તાલના દશમાં પ્રાણના સંદર્ભમાં 'પ્રસ્તાર' આવે છે. પ્રસ્તાર શબ્દનો અર્થ સંગીતના દરેક ગ્રંથોમાં 'વિસ્તાર' એવો કરવામાં આવ્યો છે. પ્રાચીનકાળમાં તાલને વિભિન્ન રીતથી પ્રસારિત કરવામાં આવતો હતો. તાલના કાલપ્રમાણને અલગ-અલગ અંગોમાં વહેંચીને ક્રમાનુસાર કરવો તે જ 'તાલ પ્રસ્તાર'

પ્રાચીન તાલ પધ્ધતિના અનુસાર તાલ ઘણા અંગોથી મળીને બનેલો હોય છે. અને આ બધા અંગોના કાલ પ્રમાણોને જોડવાથી તાલનું કાલ પ્રમાણ પુરુ થાય છે. તાલના સંપૂર્ણ કાલપ્રમાણને પ્લુત,ગુરુ,લઘુ તથા દ્રુત. આ ચાર અંગોમાં વિશિષ્ટ ક્રમથી વહેંચવાને 'ચતુરંગ' પ્રસ્તાર અને પ્લુત.ગુરુ,લઘુવિરામ,લઘુદ્રુત વિરામ તથા દ્રુત આ (છ) અંગોથી વહેંચવું તે 'ષડંગપ્રસ્તાર' છે.

આ પ્રસ્તારોની સંખ્યા તથા સ્વરૂપો વગેરેને ગણિત દ્વારા શોધવા માટે સંગીત રત્નાકરમાં પંચમ તાલાધ્યાયમાં શ્લોક નં ૩૧૩ થી ૪૦૮માં સંખ્યા, અંક, પંક્તિ, નષ્ટ, ઉદ્દિષ્ટ, પાતાલ, દ્રુતમેરુ, લઘુમેરુ, પ્લુતમેરુ, સંયોગમેરુ વગેરે વિશિષ્ટ સૂત્રોનું વિવેચન કરવામાં આવ્યું છે.

ગણિતના દ્વારા સિધ્ધ શાસ્ત્રોક્ત તાલ પ્રસ્તારોની આટલી વધારે સંખ્યા અધ્યનનની દષ્ટિથી ભલે મહત્ત્વપૂર્ણ હોય પરંતુ પ્રત્યક્ષ પ્રદર્શનમાં સમય પરિસ્થિતિ શ્રોતાઓની રુચિ;વાદકની દષ્ટિથી આ બધાનું ક્રમાનુસાર વ્યવહાર સંભવ નથી, તેથી વર્તમાન અવનદ્ધ વાદ્યોના દક્ષિણી તથા ઉત્તરી ભારતીય વાદક પોતાના વાદનમાં વૈચિત્ર્ય, નવીનતા,ચમત્કાર તથા સૌંદર્યવૃધ્ધિ વગેરે કલાત્મક કૌશલના માટે પોતાની બુધ્ધિક્ષમતા અનુસાર જે તાલ પ્રસ્તાર કરે છે, તે બધું શાસ્ત્રોક્ત

ગણિત સિધ્ધ પ્રસ્તારોના અંતર્ગત હોવાથી પણ તેને શાસ્ત્રોક્ત ક્રમથી વ્યવહાર કરવામાં આવતો નથી.

વર્તમાન ઉત્તર ભારતીય અવનદ્ધ વાદ્યોના વાદક 'પ્રસ્તાર'ના અર્થમાં પ્રાયઃ બાઁટ અથવા બાઁટ વિસ્તાર શબ્દોનો વ્યવહાર કરે છે. મુસ્લિમ વાદકો ઉર્દુ ભાષામાં 'તકસીમ' શબ્દનો પ્રયોગ કરે છે. હિન્દુસ્તાની અવનદ્ધ વાદ્યોનો વાદક પોતાના વાદનમાં બે પ્રકારથી બાઁટ વિસ્તાર કરે છે. ૧.લય બાઁટ ૨. બોલબાઁટ તાલના પૂરા કાલ પ્રમાણને અલગ-અલગ ટૂકડામાં વહેચીને વિભિન્ન માત્રાઓ પર વજન આપીને તાલમાં વૈચિત્ર્ય ઉત્પન્ન કરતા થવા વાળા પ્રસ્તારને લયબાઁટ કહે છે. અને વિવિધ બોલોના ક્રમોને બદલતા-બદલતા પ્રસ્તાર કરવાને બોલબાઁટ કહે છે.

# પાદટીપ

| | |
|---|---|
| ૧.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૭ |
| ૨.ભા.સં.તા.રૂ. | પૃ.૧૦૦ |
| ૩.ભા.તા.શા.વિ. | પૃ.૨૫૮-૫૯ |
| ૪.ભા.તા.શા.વિ. | પૃ.૨૬૦ |
| ૫.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૮ |
| ૬.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૯ |
| ૭.ભા.તા.શા.વિ. | પૃ.૨૬૨ |
| ૮.ભા.સં.તા.રૂ. | પૃ.૬ |
| ૯.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૧૧ |
| ૧૦.ભા.સં.તા.રૂ. | પૃ.૪૯ |
| ૧૧.ભા.સં.તા.રૂ. | પૃ.૫૧-૫૨ |
| ૧૨.ભા.તા.શા.વિ. | પૃ.૨૭૫ |
| ૧૩.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૧૩ |
| ૧૪.ભા.તા.શા.વિ. | પૃ.૨૭૪ |
| ૧૫.ભા.તા.શા.વિ. | પૃ.૨૭૭ |
| ૧૬.ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૧૭ |
| ૧૭.ભા.તા.શા.વિ. | પૃ.૧૮ |
| ૧૮.ભા.સં.તા.રૂ. | પૃ.૪૮ |

## સંદર્ભ-ગ્રંથ સુચિ


| પુસ્તકનું નામ | લેખક | પુસ્તકનું ટુંકુ નામ |
|---|---|---|
| ભરતનાટયશાસ્ત્ર | પં.ભરત મુની | ભ.ના. |
| સંગીત સમયસાર | પાર્શ્વદેવ | સં.સ. |
| સંગીત રત્નાકર | પં.સારંગદેવ | સં.ર. |
| ભારતીય સંગીતમે | | |
| -તાલ ઔર રૂપ-વિધાન | ડો.શુભદ્રા ચૌધરી | ભા.સં.તા.રૂ. |
| તબલેકા ઉદ્‌ગમ વિકાસ | | |
| -ઔર વાદન શૈલિયાઁ | ડો.યોગમાયા શુકલ | ત.ઉ.વિ.વા.શૈ. |
| ભારતીય સંગીત એક | | |
| -વૈજ્ઞાનિક વૈશ્લેષણ | ડો.સ્વતંત્ર શર્મા | ભા.સં.વૈ.વૈ. |
| સંગીત દામોદર | શુભંકર | સં.દા. |
| ભારતીય તાલોકા શાસ્ત્રીય | | |
| -વિવેચન | ડો.અરૂણકુમારસેન | ભા.તા.શા.વિ. |
| તાલ અંક | સંગીત કાર્યાલય, | |
| | હાથરસ પ્રકાશિત | |
| સંગીત મેં તાલ વાદ્યોકી | | |
| -ઉપયોગિતા | ડો.ચિત્ર ગુપ્તા | |